ગુજરાતનું પાક્ષિક વિચારપત્ર

# નિરીક્ષક

૧૬ એપ્રિલ, ૨૦૧૭ | અંક ૮ | સ્થાપના : ૧૯૬૮ | પાક્ષિક | પૃ. ૧૬ | કિ. રૂ. ૬/-

Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2015-2017 valid upto 31st December-2017 issued by the SSPO's Ahmedabad City Division, Permitted to Post at Ahmedabad PSO on 1st & 16th of every Month.

**અનુક્રમ**


- **ભાસ્કર તન્ના, પ્રકાશ ન. શાહ**
  સર્વોદયવાદીઓ, કૉંગ્રેસ, સંઘ અને બીજા ૩
- **પ્રવીણ પંડ્યા**
  રવીન્દ્ર પારેખ અંગે ચોખવટ ૫
- **બારીન મહેતા**
  મોતિયાની મોકાણ કે અધૂરો અંધાપો ? ૬
- **કિરીટ દૂધાત**
  મલાજો : એક પુનર્વિચાર ૭
- **રસેશ જમીનદાર**
  સાહિત્યસેવીઓ અસંવેદનશીલ? ૮
- **નરોત્તમ પલાણ**
  પ્લીઝ, સાહિત્ય પરિષદને સમજો ૮
- **પ્રકાશ ન. શાહ**
  અકાદમી : પુર્નવિચારની તક? ૮
- **રજનીકુમાર પંડ્યા**
  એક વિવેકહીન ચેષ્ટા ૯
- **ગુલામોહમ્મદ શેખ, સિતાંશુ યશશ્ચન્દ્ર અને અન્ય**
  નિવેદન, લેખકની ગરિમા અંગે ૯
- **હસમુખ પટેલ**
  અજંપ અને એકલવીર સનત મહેતા ૧૦
- **રવીન્દ્ર ન. વેપારી**
  ઉત્તરપ્રદેશનાં અણધાર્યાં પરિણામો ૧૩
- **અજય પાઠક**
  કવિ જગદીપ વિરાણી શતાબ્દી નિમિત્તે ૧૩
- **અરુણ વાઘેલા**
  પ્રોફેસર આર.એલ. રાવલ... ૧૪
- **વિપુલ કલ્યાણી**
  ગુજરાતી સાહિત્ય અકાદમીની ચાળીસી ૧૫
- **હિમાંશી શેલત**
  તિર્યક્ પીંછીએ ૧૬



- **'નિરીક્ષક' દર માસની ૧ અને ૧૬ તારીખે પ્રકાશિત થાય છે.**
- લવાજમઃ
  વાર્ષિક રૂ. ૨૦૦/-, આજીવન : રૂ. ૨૦૦૦/- (દેશમાં)
  વાર્ષિક રૂ. ૨૫૦૦/-, આજીવન રૂ. ૨૫૦૦૦/- (વિદેશમાં)
- વાર્ષિક લવાજમની રકમ 'નિરીક્ષક પ્રકાશન'ના નામે ડ્રાફ્ટથી અથવા ચેક કે મ.ઓ.થી શાર્દૂલ પ્રેસ, રંભા કોમ્પ્લેક્સ, ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪ને સરનામે મોકલવામાં આવે તે અપેક્ષિત છે.
- આજીવન સભ્યપદની રકમ 'નિરીક્ષક ફાઉન્ડેશન'ના નામે અમદાવાદની બૅન્ક ઉપરના ડિમાન્ડ ડ્રાફ્ટ અગર ચેકથી મોકલવા.
- સંપાદકીય પત્રવ્યવહાર : 'પ્રકાશ', નવરંગપુરા પોસ્ટ ઑફિસ પાછળ, અમદાવાદ ૩૮૦૦૦૯. (ફોન : ૨૬૫૬૨૮૦૬)
- બ્લૉગ : nirikshakgujaratipakshik.wordpress.com


**તંત્રી : પ્રકાશ ન. શાહ**
E-mail : editor.nireekshak@gmail.com

**સહયોગી તંત્રી (દેશાવર): વિપુલ કલ્યાણી**
E-mail : vipoolkalyani.opinion@btinternet.com

**પરામર્શક : નિરંજન ભગત**

## ગુહા, નમો અને આપણે

**ઇતિવૃત્તકાર** રામચંદ્ર ગુહાના તાજેતરના લંડન સ્કૂલ ઑફ ઇકોનોમિક્સ ખાતેના એ ઉદ્ગારોને કેવી રીતે ઘટાવશું વારુ? સહેજે બારપંદર દિવસ થઈ ગયા એ વાતને, અને દૈનિક પત્રના આ ચહેતા કટારચીએ હજુ તે વિશે રદિયાથી સમજૂતની તરજ પર કશી વાત પણ કરી નથી! રહો, ઓર નુક્તેચીનીમાં જવા પૂર્વે ગુહાના લંડન વક્તવ્યનો ટૂંકસાર જરી ઉતાવળે આપી દઉં : નરેન્દ્ર મોદી નાતજાતપ્રદેશને વટી જતી અખિલ હિંદ અપીલ ધરાવે છે. એ રીતે જોઈએ તો જવાહરલાલ નેહરુ અને ઇંદિરા ગાંધી પછીના ત્રીજા સફળ વડાપ્રધાન તરીકે ભાવિ ઇતિહાસ મોદીની નોંધ લેશે.

સામાન્યપણે ગુહા મોદી નેતૃત્વના ટીકાકાર તરીકેની છાપ ધરાવે છે. ભ્રષ્ટાચારનાબૂદી બાબતે તે ખરેખાત ઇચ્છુક છે કે કેમ એવો પ્રશ્ન પણ એમણે પ્રસંગોપાત ઉઠાવ્યો હશે, પણ સવિશેષ તો વિભાજક અને વિષાક્ત કોમી રાજનીતિથી માંડીને આપણી ક્રિમિનલ જસ્ટિસ પદ્ધતિની મર્યાદાઓ સાથે તોડમરોડ સહિતનાં વાનાં એમનો બેબાક ટીકાવિષય રહ્યાં છે. મોદીના વિશ્વદર્શનની સંકીર્ણતા વિશે બોલતાં ગુહાએ સંકોચ કર્યો જાણ્યો નથી. આ ગુહા, નમોને નેહરુ અને ઇંદિરા સાથે મૂકે? ખરું જોતાં, એ તો નેહરુ અને ઇંદિરાને પણ એક સાથે મૂકી ન શકે; કેમ કે નેહરુનું ઇતિહાસ દર્શન - માનવતા-લોકશાહી સમાજવાદ એમને જે રીતે જમાતજુદેરા ને મૂઠીઊંચેરા મૂકી આપે છે એ રીતે કટોકટીખ્યાત ઇંદિરા ગાંધી સુદ્ધાં કિસ ગિનતી મેં એવો સવાલ લાજિમ છે. ટૂંકા ગાળાની વડાપ્રધાનઆયુમાં દંતકથા રૂપ ઉભરેલા લાલ બહાદુર શાસ્ત્રી, ટટ્ટાર મોરારજી દેસાઈ, ઇન્સાનિયતની રાજનીતિ ચાહતા વાજપેયી, આ સૌને કોરાણે રાખીને નમોનું નામ લેવું તે જરૂર સાહસ માગી લે છે.

અધૂરામાં પૂરું, વાતમાં મોણ નાખવાને ધોરણે નહીં પણ પરિપ્રેક્ષ્યસર, બીજી જે એક વિગત અહીં નોંધવી જોઈએ તે પણ સંભારી લઉં. એજન્સીએ લંડન વક્તવ્ય પ્રસારિત કરતી વેળાએ ખાસ કાળજી રાખીને અંબોળેલી ટિપ્પણી એ હતી કે મોદીની અને હિંદુત્વ રાજનીતિની ટીકા સબબ ગુહાને 'થ્રેટ મેલ' (માત્ર 'હેટ મેલ' નહીં પણ 'થ્રેટ મેલ') મળે છે. જોકે ગુહા એને મહત્ત્વ નથી આપતા અને એક રોજિંદી બીના માત્ર તરીકે જ ઘટાવે છે એમ પણ એજન્સીએ ઉમેર્યું હતું. છતાં, એણે બે બાબતોને એક સાથે મૂકી આપવાની ચેષ્ટા કરી હતી એમાંથી કેમ જાણે કોઈ સૂચક સહોપસ્થિતિની બૂ ઊઠતી હતી.

ઇતિવૃત્તકાર કહેતાં ક્રોનિકલર ગુહા તાજેતરનાં વરસોમાં એક એવા બૌદ્ધિકરૂપે ઉભર્યા છે, જેણે જાહેર જીવનમાં કાંક કહેવાપણું છે. જ્યારે એક પબ્લિક ઇન્ટેલેક્ચ્યુઅલ તરીકે એમનો વિશેષોલ્લેખ કરીએ ત્યારે હમણાં સુધીની એમની મોદી મીમાંસાનું એ એક વાનું પણ બિનચૂક સંભારી લેવું રહે કે બૌદ્ધિકો બાબતે મોદી સરકાર જે તુચ્છકારથી પેશ આવતી માલૂમ પડી છે એના ગુહા ટીકાકાર રહ્યા છે. મોદીના નેતૃત્વમાંથી સોડાતા બૌદ્ધિકવિરોધવાદ બલકે એન્ટિ-ઇન્ટેલેક્ચ્યુઅલિઝમ વિશે બોલવાલખવામાં ગુહાએ કોઈ સંકોચ દાખવ્યો નથી.

તેમ છતાં નેહરુ-ઇંદિરા-મોદી ત્રણેને અખિલ હિંદ અપીલને ધોરણે સફળતાના એક જ સોપાને ગુહાએ મૂક્યાં છે એ મૂક્યાં છે. એટલે જાહેર ચર્ચાના ક્ષેત્રમાંથી એમણે પણ પાપપુણ્યની બારી પેઠે પસાર થવું તો પડે. બલકે, પોતે પાપપુણ્યની બારીમાંથી પસાર થઈને પોતાનું વજૂદ

અંકે કરવું રહે છે એ સમજવામાં જાહેર મતે એમને પ્રેમથી પુચકારીને કે લગરીક આરીનો અનુભવ કરાવીનેય મદદરૂપ થવું રહે છે. આ કોશિશ, આ પ્રક્રિયા અલબત્ત ગુહા સંદર્ભે જ નહીં જાહેર મતના બાકી સૌ લખવૈયા (આ લખનાર સહિત)ના લાભાર્થેય ઈષ્ટ છે.

દરમ્યાન, કદાચ દૂરાકૃષ્ટ છતાં અહીં સાંભરતો એક પેરેલલ ચિમનભાઈ પટેલના ગુજરાતકારણ (અને સત્તાકારણ)નો છે. એ બીજી વાર મુખ્યમંત્રી બન્યા ત્યારે એમની એક નવી સ્વીકૃતિ બની હતી. નહીં કે એમનાં અગાઉનાં ટીકાસ્થાનો હવે નહોતાં; પણ તે છતાં સ્વીકૃતિ બની'તી તે બની'તી. એમના જૂના ટીકાકારોનો ટીકાભાવ ઝાઝો ઘટ્યો હશે એવું પણ નહોતું. પણ જ્યારે ખરીખોટી અનવસ્થા વચ્ચે આ એક જણ 'ડિલીવર' કરી જાણનાર જણ છે, આપણે જે દોરમાંથી ગુજરી રહ્યા છીએ તેમાં 'ત્રાહિ મામ્'ને દાદ આપી શકે એવો કાબેલ જણ છે, એવો ભાવ પ્રજામાનસમાં જાગે ત્યારે આવી સ્વીકૃતિ બનતી હોય છે. આવી સ્વીકૃતિ વખતે કથિત વ્યક્તિત્વની મૂળભૂતપણે નીતિનિરપેક્ષ-મૂલ્યનિરપેક્ષ ગતિવિધિ કાં તો લક્ષમાં જ રહેતી નથી કે પછી તેવી ગેર-ગતિવિધિ પોતે કાબેલિયતરૂપે મહિમામંડન પામી ભાગ્યશાળીને ભૂત રળે એ કહેવત સાચી પાડી આપે છે.

એટલે ગુહા જ્યારે નેહરુ-ઈંદિરા-મોદીને એકશ્વાસે એક સોપાને મૂકતા જણાય છે ત્યારે કાં તો જનમાનસનો પડઘો પાડતા (કે એમાં જોડાઈ જતા) માલૂમ પડે છે. આ સંજોગોમાં નીરક્ષીર અન નિકષને ધોરણે એ ક્યાં ઊભા છે એવો સવાલ પૂછવો લાજિમ છે. અથવા તો, એમણે એક સાથે બે ધાગે અને બે સ્તરે કામ લેવાપણું જરૂરી લાગે છે. એક પા, તે આ સ્વીકૃતિની જો નોંધ લે તો બીજા પા આ સ્વીકૃતિમાં ગૃહિત પારનૈતિક (અમોરલ) અભિગમ વિશે એ અજાણ નથી અને જનમતે પણ જાગ્રત રહેવાપણું છે તે એમણે ચોખારી અને ખોંખારીને બોલવું રહે.

જો આ વાતે, 'સ્વીકૃતિ'નું વાસ્તવ સ્વીકારતે છતે, આપણે ઢીલું મૂકીએ તો શું બને એ કલ્પવું પડે એમ નથી. મોદી સહી અને યોગી નહીં, એવો જે તર્ક આ આખું રાજકીય પેકેજ પ્રીછ્યા વગર આજકાલ આગળ ધરાઈ રહ્યો છે તે આનું જ એક ઉદાહરણ છે. વણઝારાની બનતી આવતી સ્વીકૃતિ પણ આ સંદર્ભમાં જોવાતપાસવાપણું છે. ગુહા જો આ મુદ્દો ચૂકીને ચાલવાના હોય - એટલે કે બે ધાગે અને બે સ્તરે - એક સાથે સ્પષ્ટતાથી ચાલી શકવાના ન હોય તો એક જાગતલ અને જાણતલ પબ્લિક ઈન્ટેલેકચ્યુઅલ તરીકે એમને પક્ષે એ ઈતિહાસગોથું હશે.

અંગ્રેજી પત્રકારત્વમાં મેઘનાદ દેસાઈ, તવલીન સિંહથી માંડીને એકાધિક ગુજરાતી કટારચી આજે આવા એક ગોથાને અંગે ગુરુત્વાકર્ષણની પરિસ્થિતિ જાણેઅજાણે સરજી રહ્યાં છે. આ ગુરુત્વાકર્ષણની બલિહારી એ છે કે વિજ્ઞાનનિરપેક્ષપણે તે ઉપર (મોદી તરફ) અને નીચે (પારનૈતિક ને મૂલ્યનિરપેક્ષ ભોંય ભણી) એક સાથે ખેંચી શકે છે. આમાં બાદશાહના મહેલના દીવે જોઈ કાતિલ ઠંડીમાં નદીવચાળે ઉષ્મા મેળવતા નિરીહ નાગરિકની સરળતા જ નહીં, બાદશાહનાં 'દિવ્ય વસ્ત્રો'ની અસલિયત જોતે છતે નહીં જોતા વિચક્ષણ જણની વશેકાઈ પણ છે. મધુ કિશ્વરની મોદીનામા ભણીની સફર અને તે પછી કંઈક ભોંયપછાડ પણ અહીં જરૂર સંભારી શકીએ.

કદાચ, કરવા જેવું એક કામ એનું એ જ જૂનું ગાણું લાગે તોપણ કથિત ગુજરાત મોડેલનો વાંસો લોક સમક્ષ લાવવા જેવું છે. માયા કોડનાની કેસમાં અમિત શાહને સાક્ષી તરીકે હાજર થવાનું બને તે આ સંદર્ભમાં તપાસવા જેવું છે. ગોધરા-અનુગોધરા તપાસછેડા ક્યાં ને કેમ છૂટા મુકાયા છે ત્યાંથી માંડીને વિકાસનું વાસ્તવ શું છે તે વિશે પણ હજુ વિશેષ ઊહાપોહની જરૂરત છે. આખરે એ 'ગુજરાત ગૌરવ' અને 'વિકાસ' સ્તો હતાં જે વેચી વેચીને મે ૨૦૧૪માં દિલ્હીપતિ બની મોદી અખિલ હિંદ અપીલના ધરાર ધણી લેખાયા છે. આ આખી પ્રક્રિયાથી લગારે અજાણ નહીં એવા ગુહા જ્યારે મૂલ્યનિરપેક્ષતાના મુલકમાં પોતાના લંડન વક્તવ્ય સાથે નાંગરે છે ત્યારે મોદીના સફાઈ અભિયાન સાથે નાગરિકને પક્ષે જરૂરી સફાઈ બેલાશક સાફ, સાફ અને સાફ હોવાની. નિયતિ કહો તો નિયતિ, સૌભાગ્ય કહો તો સૌભાગ્ય, આ નહીં તો શું છે, કહો જોઉં.

એપ્રિલ ૧૩, ૨૦૧૭ **પ્ર.ન.શા.**

## 'નિરીક્ષક' માટે જા.ખ.ના દર

| | |
|---|---|
| • આવરણ-૪ | ૪૦૦૦/- |
| • આવરણ-૩ | ૩૦૦૦/- |
| • અંદરનું આખું પાનું | ૨૦૦૦/- |
| • અંદરનું અડધું પાનું | ૧૦૦૦/- |
| • સેન્ટર સ્પ્રેડ | ૪૦૦૦/- |

★ પુસ્તકોની જા.ખ. અડધા દરે ★

### લવાજમ ભરવા માટે સરનામાં

**વિજય મૅગેઝિન વર્લ્ડ**
૬૨, કલ્યાણ ભવન, બીજા માળે, રૂપમ સિનેમા પાસે, રિલીફ રોડ, **અમદાવાદ**-૩૮૦ ૦૦૧

**અદીત ઍજન્સી (એસ.બી. શાહ)**
ફોન નં.: ૦૭૯-૨૭૪૯૬૨૮૩
૭૨/૮૬૨, અંબિકા એપાર્ટમેન્ટ, અંકુર રોડ, નારણપુરા, **અમદાવાદ**-૧૩

**સૌરભ પુસ્તક ભંડાર**
બી/૨૦, સ્થાપત્ય એપાર્ટમેન્ટ, સ્ટર્લિંગ હૉસ્પિટલ પાસે, મેમનગર, **અમદાવાદ**-૩૮૦૦૫૨

**નવકાર મૅગેઝિન ઍજન્સી**
બ્લોક એ, ફ્લેટ ૭૦૨, ચિન્મય ટાવર, વિશ્રામનગર, સુભાષચોક વચ્ચે, જયકાન્ત કામદાર માર્ગ, મેમનગર, **અમદાવાદ**-૫૨

**ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ.**
શૉપ નંબર : ૧-૨, પહેલા માળે, સેન્ચુરી બજાર, આંબાવાડી સર્કલ, **અમદાવાદ**-૩૮૦ ૦૦૬
૧૯૯/૧, પ્રિન્સેસ સ્ટ્રીટ, **મુંબઈ**-૪૦૦ ૦૦૨

**મૅગેઝિન વર્લ્ડ**
ગોપાલ ટૉકીઝ પાસે, સ્ટેશન રોડ, **આણંદ**-૩૮૮૦૦૧

**કીમ એજ્યુકેશન સોસાયટી સ્ટુડન્ટ કન્ઝ્યુમર સ્ટોર્સ**
**કીમ**, જિ. સુરત-૩૯૪ ૧૧૦

**પીયૂષ મૅગેઝિન ઍજન્સી**
એસ/૨૧, એ, મુલ્કીભવન, વર્ધમાન વિદ્યાલયની બાજુમાં, બસ સ્ટૅન્ડની પાસે, **મહેસાણા**-૩૮૪ ૦૦૧

**નવનીત મૅગેઝિન એજન્સી**
એસ-૬, શ્રદ્ધા કોમ્પ્લેક્સ, બીજા માળે, નગરપાલિકા સામે, **મહેસાણા-૧**

**એજ્યુકેશનલ એમ્પોરિયમ**
૩૬, ઉમિયાનગર, **પાટણ**-૩૮૪ ૨૬૫

**શિવમ એન્ટરપ્રાઈઝ**
બુક સેલર્સ એન્ડ સ્ટેશનર્સ, વનિતા વિશ્રામ સામે, ડોન રોડ, ક્રેસન્ટ, **ભાવનગર-૧**

### લવાજમ વિષયક

સંબંધિત સૌને નોંધ લેવા વિનંતી કે તા. ૧ મે ૨૦૧૪થી 'નિરીક્ષક'નું વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ તેમજ આજીવન લવાજમ રૂ. ૨૦૦૦ છે. જૂના દરે (વાર્ષિક રૂ. ૧૫૦/-ના ધોરણે) લવાજમ ભરનારને નવ મહિના સુધી નિયમિત અંક મોકલાશે. **વ્ય.**

# સર્વોદયવાદીઓ, કૉંગ્રેસ, સંઘ અને બીજા/ભાસ્કર તન્ના, પ્રકાશ ન. શાહ

**સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના એક સ્નેહીજન અને અમદાવાદના સિનિયર ઍડ્વોકેટ ભાસ્કરભાઈ તન્ના કામની વ્યસ્તતા વચ્ચે પણ 'સર્વોદય સમાજ' વાંચે છે. ૧૫મી જુલાઈનો અંક વાંચીને તેમનો પત્ર મળ્યો, જે અક્ષરશઃ નીચે આપ્યો છે. ભાસ્કરભાઈએ તેમના પત્રમાં તંદુરસ્ત ચર્ચાનો એક નવો વિષય ખોલી આપ્યો છે. આ પત્રમાં ઉલ્લેખિત મુદ્દાઓ ઉપર વાચકો અને રસ ધરાવતાં લોકોનાં મંતવ્યો આવકાર્ય છે. એમના જે પત્રો મળશે તે 'સર્વોદય સમાજ'માં પ્રસિદ્ધ કરવામાં આવશે. 'વાદે વાદે જાયતે તત્ત્વબોધઃ' એમ સંસ્કૃતમાં કહેવાયું છે. કોઈ પણ વિષય પર ખુલ્લી તથા પ્રામાણિક ચર્ચા લોકશાહી વ્યવસ્થા માટે જરૂરી છે. ... [તંત્રી, સર્વોદય સમાજ, રાજકોટ, તા. ૧૫-૮-૨૦૧૬]**

**સ્નેહીશ્રી** દેવેન્દ્રભાઈ,

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ દ્વારા સર્વોદય વિચારના માસિક મુખપત્ર 'સર્વોદય સમાજ'ના તારીખ : ૧૫મી જુલાઈ, ૨૦૧૬ના અંકમાં બે લેખ હું જોઈ ગયો. 'બીજા વર્ષના આરંભે' અને 'એક પત્ર અંગેના અલપઝલપ વિચાર.'

આ બંને લેખો રસપ્રદ છે, પરંતુ મેં સતત જોયું છે કે સર્વોદયનો વિચાર કરનારાઓ કોઈ કારણસર કૉંગ્રેસ પક્ષ તરફ મહત્તા અથવા લાગણી ધરાવે છે. વાસ્તવમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને સર્વોદય વિચારોમાં સરખામણી કરવામાં આવે, તો ઘણા અંશે સમાન મુદ્દાઓ જોવા મળે.

મારું એવું સ્પષ્ટ રૂપે માનવું છે કે જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી, દિલ્હીના સામ્યવાદી બિરાદરોએ પહેલેથી જ નોંધ્યું અને જોયું કે જો આ સંસ્થાના કાર્યકર્તાઓ વચ્ચે સમભાવ થશે તો તેમનો સિક્કો ઉપડશે નહીં. સ્વ. નાનાજી દેશમુખે આ બંને વચ્ચે સમન્વય સાધેલો અને તેઓ મહદંશે સફળ નીવડ્યા હતા, પરંતુ તે પ્રયોગ આગળ ચાલ્યો નહીં.

જે કૉંગ્રેસપક્ષ એક જમાનામાં હતો તે કમનસીબે હવે માત્ર મા-દીકરા-દીકરી અને જમાઈનો રહ્યો છે, તે સર્વોદય વિચારસરણીને વરેલા લોકો કેમ સમજી શકતા નથી અને શા માટે તે વ્યવસ્થાનો વિરોધ કરતા નથી તે ન સમજી શકાય તેવી બાબત છે. યુપીએનાં ૧૦ વર્ષના શાસન દરમિયાન (૨૦૦૪થી ૨૦૧૪) જે ભ્રષ્ટાચાર થયો છે, તેવો ભારતના ઇતિહાસમાં કદી થયો નથી. ગાંધીવિચારથી વિરુદ્ધ ચાલવાની પહેલ તે વખતના વડાપ્રધાન નરસિંહરાવે કરેલી, અને તે પણ કૉંગ્રેસ શાસન દરમિયાન.

સર્વોદયવાદી કોઈ પણ મુખપત્ર હોય, પછી તે 'ભૂમિપત્ર' હોય, 'નિરીક્ષક' હોય કે બીજું કોઈ પણ મુખપત્ર હોય, કૉંગ્રેસ તરફની લાગણી કૉંગ્રેસનાં દૂષણો હોવા છતાં છૂટતી નથી. સર્વોદય કાર્યકર્તાઓએ જો કૉંગ્રેસનાં આ પદ્ધતિ સામે અણ્ણા હજારે જેવી પદ્ધતિથી વિરોધ કર્યો હોત, તો અરવિંદ કેજરીવાલ જેવું દૂષણ ભારતમાં પેદા ન થયું હોત.

કૉંગ્રેસની વિચારસરણીને વરેલા કુટુંબમાં મારો જન્મ અને ઉછેર થયો છે. નેહરુ કુટુંબની તરફદારી કરવાની જે ભૂલો આપણે સૌએ કરી હતી, તેનું ફળ દેશ ભોગવે છે, તેમ મારું માનવું છે.

તમારા મુખપત્રમાં ઉપર્યુક્ત બાબતની ચર્ચા કરવી ઘટે, તેથી આ પત્ર લખી રહ્યો છું.

**આપનો સ્નેહાધીન**
**ભાસ્કર પી. તન્ના**

## સવાલ, નાગરિક છેડેથી નીરક્ષીરનો

**ભાઈ** ભાસ્કર તન્નાનો પત્ર (સર્વોદય સમાજ, ૨૦૧૬) જોયો ત્યારથી તે સંદર્ભમાં લખવાનું વિચારતો હતો, પણ સંયોગવશ્ ખાસું લંબાતું ગયું. તોપણ, એક અર્થમાં, એટલું મોડું નથી થયું; કેમકે એમનું અવલોકન અને એમણે ઉપસ્થિત કરેલ પ્રશ્ન હજુ પણ ચર્ચામાં છે અને રહેવાના છે. વળી, એમણે જેને વાચા આપી છે, તેવી ફરિયાદ સ્વાતંત્ર્યલડતના અને રચનાકાર્યની પરંપરા ધરાવતાં વર્તુળોમાંથી ઊઠતી હોય, ત્યારે સમાદરપૂર્વક સહવિચારનો એક આત્મીય અધિકાર પણ એનો બને છે.

ભાસ્કરભાઈનું કહેવું છે કે "સર્વોદયવાદી કોઈ પણ મુખપત્ર હોય, પછી તે 'ભૂમિપુત્ર' હોય, 'નિરીક્ષક' હોય કે બીજું કોઈ પણ મુખપત્ર હોય, કૉંગ્રેસ તરફની લાગણી કૉંગ્રેસનાં દૂષણો હોવા છતાં છૂટતી નથી... નેહરુ કુટુંબની તરફદારી કરવાની જે ભૂલો આપણે સૌએ કરી હતી, તેનું ફળ દેશ ભોગવે છે, તેમ મારું માનવું છે."

હવે, જ્યાં સુધી 'નિરીક્ષક'નો સવાલ છે એ કોઈ એક વિચારસંપ્રદાય પરત્વે કંઠીબદ્ધ સામયિક નથી, જેમ એના તંત્રી પણ નથી. માત્ર, 'નિરીક્ષક'ના સ્થાપક-સંવર્ધક સૌ અગ્રજનો વ્યાપક અર્થમાં સ્વાતંત્ર્યસંગ્રામની મુખ્યધારાનાં મૂલ્યોના અને બંધારણની ભાવનાના ઉજાસમાં જોતાં વિચારતાં લખતા ચાલતા રહ્યા છે, એવું એક વિધાન જરૂર કરી શકીએ. વર્તમાન તંત્રી પોતાના તરફથી એમાં એક વાનું એ કંઈક અધોરેખિતપણે ઉમેરી શકે કે આ મૂલ્યો અને આ ભાવના માટેનો એનો ચાવ અને લગાવ જેપી આંદોલનને આભારી છે.

સ્વરાજસંગ્રામ, સ્વાતંત્ર્ય અને બંધારણનિર્માણમાં ગાંધીનેહરુપટેલ દ્વારા પ્રતિનિધિત એકંદરમતી, જેપી આંદોલન, આ બધું મળીને બનતા માહોલમાં સર્વોદયવાદી એવી ઓળખનો અનાદર અલબત્ત ન હોય. પણ સર્વોદયવિચારના અનુત્તમ ભાષ્યકાર દાદા ધર્માધિકારીએ સુધ્ધાં, છેવટે તો, પોતપોતાને સમજાય અને ગ્રાહ્ય હોય એવા વિચારશાસનમાં જ ઠરવાપણું જોયું હતું. આ વિચારશાસન, એને અનુસરતાં સમજાઈ રહેલ નીતિરીતિધોરણે વિનોબા અને જયપ્રકાશને કોઈક તબક્કે દેખીતા છૂટા પણ પાડી શકે, તે એનું તર્કકઠોર ખુલ્લાપણું સૂચવે છે.

ઇંદિરાઈ સામેના લોકસંઘર્ષમાં જયપ્રકાશજીના નેતૃત્વમાં સર્વોદય આંદોલન અને સંઘ પરિવાર નજીક આવ્યાં એ ઇતિહાસવસ્તુ છે. પણ એટલા માત્રથી અગર અન્યથા "વાસ્તવમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને સર્વોદય-વિચારોમાં સરખામણી કરવામાં આવે, તો ઘણા અંશે સમાન મુદ્દાઓ જોવા મળે" એવા તારણ પર ભાસ્કરભાઈ પહોંચી જાય, તો તે કંઈ નહીં તોપણ નિરીહ ઉત્સાહનો કિસ્સો તો છે જ. વસ્તુતઃ બંનેના સરખાપણાનો વૈચારિક વ્યાહમોહ એમના જેપી આંદોલનમાં એકસાથે હોવાની પરિસ્થિતિને તેમ કેટલીક પરિભાષામાં ભારતીય સંસ્કૃતિવશ

નિકટતાની છાપને કારણે હોઈ શકે છે. એનું કોઈ તાત્ત્વિક એવું વજૂદ સ્વતઃ નથી તે નથી.

સંઘની મુખ્ય ઓળખ, ભાસ્કરભાઈ સંમત થશે જ કે હિંદુરાષ્ટ્રની વિભાવનાને વરેલ હિંદુ સંગઠન તરીકેની છે. એથી ઊલટું, સ્વાતંત્ર્યસંગ્રામની મુખ્ય ધારામાં રાષ્ટ્રીયતા અને સ્વરાજની જે સમજ ખીલી, તેમાં બિનસાંપ્રદાયિતા અને સર્વધર્મસમભાવ કહેતાં સૌનું ભારત એ ભાવના આગળ પડતી હતી. છતે ભાગલે, છતે પાકિસ્તાને આ ભૂમિકાને વળગી રહેવું તે ઘણું મોટું (રાજ)નૈતિક સાહસ હતું. સ્વાતંત્ર્યસંગ્રામની મુખ્ય ધારા અને આ ભૂમિકા સાથે સંઘ પોતાની અગ્ર ઓળખવશ મેળમાં ન હોય એ દેખીતું છે.

છેક ૧૯૭૪-'૭૫માં એ શક્યતા કેટલેક અંશે ઊભી થઈ, જેમાં જયપ્રકાશ આંદોલનમાં રહેલ સ્વરાજ-સંસ્કારવશ આ મુખ્ય ધારા સાથે સંઘનો કાર્યસંબંધ અને ભાવસંબંધ બંધાઈ શકે. અલબત્ત, હિંદુરાષ્ટ્ર અને હિંદુસંગઠનની એની ગળથૂથીગત વાસ્તવિકતા જોતાં આ સંબંધની એક મર્યાદા પણ હોય તે સ્વાભાવિક હતું. અયોધ્યાજ્વર સાથે એ ચોખ્ખું જણાઈ આવ્યું. આગળ ચાલતાં ૧૯૯૨ અને ૨૦૦૨માં આપણે આ ગળથૂથીગત મર્યાદાના વિરૂપ અને વિકૃત ઉછાળાનો સાક્ષાત્કાર પણ કર્યો છે.

ગાંધીહત્યા પછી વિનોબાએ શ્રાદ્ધપર્વનાં વ્યાખ્યાનોમાં કહેલી એક વાતનું સ્મરણ આ સંદર્ભમાં પૂર્વરંગને સમજવાની દૃષ્ટિએ થઈ આવે છે. ગીતાને આધારે, સ્થિતપ્રજ્ઞ ભૂમિકાએ આતતાયી વધનું ચોક્કસ વાજબીપણું છે એવું ગોળવેલકરનું પ્રતિપાદન સંભારી વિનોબાએ શ્રાદ્ધપર્વમાં જે એક મુદ્દો કીધો તે એ હતો કે ગોડસેની ચાલના આતતાયીરૂપ ગાંધીના વધની હતી. (જેમ કંસવધ તેમ ગાંધીવધ) વસ્તુતઃ ઝાઝી ગલીકૂંચીમાં નહીં અટવાતાં અહીં સંક્ષેપમાં અને સૂત્ર રૂપે એટલું જ કહેવું બસ થશે કે સઘળો મામલો, છેવટે તો, 'હિંદ સ્વરાજ' વિ. 'હિંદુત્વ'નો હોવાનો છે.

ભાસ્કરભાઈનું સ્પષ્ટ રૂપે માનવું છે કે જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી, દિલ્હીના સામ્યવાદી બિરાદરોએ પહેલેથી જ નોંધ્યું અને જોયું કે જો આ સંસ્થાના (સંઘ અને સર્વોદયના) કાર્યકર્તાઓ વચ્ચે સમભાવ થશે, તો તેમનો સિક્કો ઉપડશે નહીં. હવે, સંઘ અને સર્વોદય બેઉ વચ્ચે સમભાવ અને સહકાર્ય બાબત જે ગળથૂથીગત મર્યાદા છે તે છે જ — અને તે માટે સામ્યવાદીઓને યશ આપવાની જરૂર નથી. જેએનયુ કહેતાં કોઈ વૈચારિક એકદંડ (મૉનોલિથ) નથી. એક વાત સાચી કે સંઘથી વિપરીત સામ્યવાદીઓ ધર્મકોમ આધારિત રાષ્ટ્રની વ્યાખ્યામાં માનતા નથી. આવું જ કૉંગ્રેસનું પણ છે. તમે કૉંગ્રેસને અને સામ્યવાદીઓને એમનાં સેન્સ ઑફ ઓમિશન્સ ઍન્ડ કમિશન્સ સબબ જરૂર ઝૂડી શકો, પણ એમણે સંઘની જેમ કોમવાદને પૂરા કદના રાષ્ટ્રવાદનો દરજ્જો નથી આપ્યો. (માર્ક્સવાદી ઇતિહાસકાર બિપનચંદ્રે સ્વાતંત્ર્યસંગ્રામમાં ગાંધીના શકવર્તી પ્રદાનને ધોરણે પરંપરાગત સામ્યવાદી વિચારરૂખમાં એક જુદું જ ગુણાત્મક પરિમાણ દાખલ કીધું છે.)

જ્યાં સુધી કૉંગ્રેસનો સવાલ છે, સ્વરાજની વડી પાર્ટી તરીકે ૧૯૭૫-૭૭નો એનો શાસનકાળ એક અક્ષમ્ય સ્ખલન અને અપરાધનો છે, અને તે મુદ્દે સર્વોદય આંદોલને (સર્વ સેવાસંઘની વિશાળ બહુમતીએ, લડવામાં કોઈ કસર છોડી નહોતી, તે સૌ જાણે છે. આજે પણ આ ધારાના સૌ કૉંગ્રેસે શરૂ કરેલ (અને ભાજપે સરવાળે ચાલુ રાખેલ) નિયોલિબરલ અર્થનીતિના સ્પષ્ટ ટીકાકાર રહ્યા છે. જ્યાં સુધી ભ્રષ્ટાચારનો સવાલ છે, જેપી આંદોલનનો એ વડો મુદ્દો રહેલ છે. હાલમાં ભ્રષ્ટાચાર બાબતે એટલું જ કહીશું કે સંદિગ્ધ નાણાસ્રોતમાં ભાજપ પણ પાછળ નથી. ગુજરાતમાં લોકાયુક્ત અને દિલ્હીમાં લોકપાલ બાબતે એની દિલચોરી અને ઠાગાઠૈયા મુલ્કમશહૂર છે. નોટબંધી પછી પણ એકે પક્ષના ચૂંટણીખર્ચમાં કોઈ ઘટ જણાઈ નથી અને પક્ષને આરટીઆઈ હેઠળ લાવવા ભાજપ કે કૉંગ્રેસ, કોઈ તૈયાર નથી. કૉંગ્રેસની હાલની વંશપરંપરાગત પ્રથા કે બીજા વાનાં બેલાશક ટીકાતીત નથી. સ્વરાજની વડી પાર્ટીને વિપક્ષ લાયક કૌવત દાખવતાં, હુન્નર કેળવતાં અને ગૌરવનું પ્રતિમાન રચતાં નથી આવડ્યું તે નથી આવડ્યું.

માત્ર, જ્યારે પસંદગીનો પ્રશ્ન આવે (અને એ પસંદગી વ્યવહારમાં માત્ર કૉંગ્રેસ અને ભાજપ વચ્ચે જ સીમિત હોય) ત્યારે દેશને ૧૯૪૭ પછી ફરી એક વાર વિભાજનની ભયાવહ સંભાવનામાં મૂકનાર, ૧૯૯૨ અને ૨૦૦૨માં શાસકીય દાયિત્વ નહીં દાખવનાર ભાજપની સાથે હોવાનો સવાલ ન પ્રકાશને સારુ હોય, ન તો ભાસ્કરને સારુ હોવો જોઈએ.

રાજકીય વિકલ્પની મથામણમાં ૧૯૭૫-૭૭માં બિનકૉંગ્રેસવાદનું જો લૉજિક હોઈ શકતું હતું, તો આજે બિનભાજપવાદનુંયે લૉજિક હોઈ તો શકે છે. પણ એ બંને ભૂમિકા પાછળની મારી એક નાગરિક તરીકેની ચાલના વૈકલ્પિક રાજનીતિનો પ્રજાસૂય પથ પ્રશસ્ત કરવાની હોઈ કૉંગ્રેસ-ભાજપ વચ્ચેની સીમિત પસંદગી તે મારો સ્થાયી ભાવ નથી. પ્રશ્ન, વૈકલ્પિક રાજનીતિ ભણી જવામાં આજે કયા-કયા અવરોધો છે તે તેમજ તેનાં તરતમ નિર્ધારવાનો છે. ચૂંટણી વખતે દેખીતી સીમિત પસંદગી છતાં બે ચૂંટણી સહિત સમગ્ર સમયગાળો વૈકલ્પિક રાજનીતિ માટેની ખોજતપાસ અને મથામણનો તો અનિરુદ્ધપણે હતો, છે અને રહેશે. 'સ્વરાજધર્મ'ના જૂનાનવા અંકો (વજુભાઈ-મનુભાઈ-જયાબહેન-દેવેન્દ્રભાઈ એમ સમગ્ર કાર્યકાળમાં) જોતાં પણ આ સમજાઈ રહેશે. 'નિરીક્ષક'માં કદાચ સવિશેષ જણાઈ આવે એવું પણ લાગે. 'ભૂમિપુત્ર'માં પણ એક આલોચનાત્મક ધારા સતત રહી છે.

ભાસ્કરભાઈએ નામ નથી લીધાં પણ 'નયામાર્ગ', 'દલિત અધિકાર', 'લોકસ્વરાજ'ને પણ અહીં સંભારી શકીએ. પોતપોતાની વિશેષતા સાથે તે પણ સક્રિય છે.

જે દિવસોમાંથી આપણે પસાર થઈ રહ્યા છીએ, એમાં આ પ્રકારની નાગરિક આલોચનાપીઠ વિના નીરક્ષીરવિવેક અને નીરમભેર નેજો લહેરાઈ શકવાનો નથી.

માર્ચ ૫, ૨૦૧૭ **પ્રકાશ ન. શાહ**

(તંત્રી, 'નિરીક્ષક')

**રોહિત શુક્લ ● ચોથા વાંદરાનું ચિંતન**

**અને**

**અન્ય સામગ્રી**

**હવે પછી...**

# રવીન્દ્ર પારેખ અંગે ચોખવટ/પ્રવીણ પંડ્યા

**કવિ**-નાટ્યકાર ચિનુ મોદીના મૃત્યુને પણ એક વિવાદનો પ્રસંગ બનાવી સરકારની અસ્વાયત્ત અકાદમીના હોદ્દેદારો અનુક્રમે ભાગ્યેશ જહા, વિનોદ ભટ્ટ, સુમન શાહ આદિ જે રીતે પરિષદમાં ખાતર પાડવા માટે ગણેશિયાં લઈને અખબારોમાં મચી પડ્યા છે, એ જોઈને મને સહેજ પણ આશ્ચર્ય નથી થતું. સરકાર તરફી મિત્રોએ પોતાના પ્રદૂષિત સત્તાકારણ માટે મોતના મલાજાના નામે જે રીતે મૃત્યુનો ઉપયોગ કર્યો એનાથી પણ વિસ્મય નથી થયું. અને એટલા માટે કેમકે સરકારે અસંવેધાનિક અને અલોકતાંત્રિક રીતે હસ્તગત કરેલી અકાદમીનો હવે એક જ એજન્ડા છે, અને તે એ કે સ્વાયત્તતાના મૂલ્યને લઈને અકાદમીના પ્રશ્ને સરકાર સામે ટટ્ટાર કરોડરજ્જુ રાખી લડત આપતી ગુજરાતી સાહિત્ય પરિષદને, અન્ય સંસ્થાઓને તથા સ્વાયત્તતા માટે સરકારની બિનસ્વાયત્ત અકાદમી સામે અસહકારનું આંદોલન ચલાવનારા ગુજરાતી ભાષાના અગ્રગણ્ય સાહિત્યકારોને ગમે તેમ કરીને બદનામ કરવા કે નિષ્ક્રિય કરવા. આ પૂર્વે આ કામ માટે ડિસેમ્બર, બે હજાર પંદરની પરિષદપ્રમુખ ચૂંટણીમાં સરકારે સુરત સ્થિત આદરણીય નાનુભાઈ નાયકને પ્રમુખપદની ચૂંટણીમાં આગળ કરી રવીન્દ્ર પારેખ (તે વખતના સુરતક્ષેત્રના ભાજપ મંત્રી શ્રી નાનુભાઈ વાનાણી પણ ખરાને?) આદિના ટેકાથી પરિષદ અંકે કરવા ધાર્યું હતું, પણ એમાં ચંદ્રકાન્ત ટોપીવાળા બહુમતીથી જીત્યા અને સરકારનો દાવ ઊંધો પડ્યો. રાજકીય કાવાદાવાનો પરાજય થયો અને સાહિત્યની સંસ્કૃતિનો વિજય થયો. ત્યાર પછીથી સરકારે કેટલાક ‘ભટ્ટ’પરંપરાના લેખકોને લોકતાંત્રિક રીતે બંધારણ પ્રમાણે ચાલતી પરિષદને અંદરથી તોડવા અને વહીવટી કટોકટી ઊભી કરવા કેટલાક હોદ્દેદારોને આગળ કર્યા, જેમાંના રવીન્દ્ર પારેખ એક છે. અને એટલે તેઓ એક તરફથી પરિષદના હોદ્દેદાર તરીકે સંસ્થાને પત્રો લખે છે અને બીજી તરફથી અખબારોમાં એ પત્રોને જાહેર કરે છે. આ, સાહિત્યકારની પ્રકૃતિમાં પેસેલી રાજકારણની વિકૃતિથી વધીને કંઈ નથી. તેઓ જે સંસ્થાના ઉપપ્રમુખ છે તે સંસ્થામાં રહીને સરકાર માટે કામ કરી રહ્યા છે. આ સ્થિતિમાં એમની સામે સંસ્થાવિરોધી પ્રવૃત્તિ કરવા બદલ કાર્યવાહી કરવાની માંગ ઊઠે તે સ્વાભાવિક છે.

સ્વાયત્તતાના મુદ્દે આરંભથી રવીન્દ્રની સ્થિતિ ડામાડોળ રહી છે. સ્વાયત્તતાનું આંદોલન આરંભાયું, ત્યારે પહેલાં એમણે ‘નિરીક્ષક’માં જ પોતે આ આંદોલનના સમર્થનમાં છે, એવો પત્ર લખ્યો હતો. અને આ પત્ર છપાયો એના બે-ચાર દિવસોમાં એ સુરત ખાતે સરકારી અકાદમીએ યોજેલા કવિ-સંમેલનમાં કાવ્યપાઠ કરતા નજરે ચડ્યા હતા. પછી પાછું એવું નિવેદન આપ્યું હતું કે અકાદમી સ્વાયત્ત હોય, એ મુદ્દે તો હું સહમત છું જ. આમ, રવીન્દ્રથી લઈને મોટા ભાગના એ તરફ ગયેલા અલ્પમતી ધરાવતા સાહિત્યકારોની સમસ્યા એ છે કે એમને બંને તરફ રહેવું છે. બંને તરફથી મળતા લાભ લેવા છે. આવું ગુજરાતી સાહિત્ય પરિષદમાં એટલે શક્ય નથી રહ્યું, કેમકે પરિષદની મધ્યસ્થથી માંડીને કારોબારીએ, રવિન્દ્ર-ધ્વનિલ પારેખ સહિતના સહુએ અકાદમીની સ્વાયત્તતા માટે પરીષદે લડવું એવા ઠરાવને અવારનવાર ઠેઠ બે હજાર સાતના ગાંધીનગર, અધિવેશનની જાહેરસભાથી સર્વાનુમતે અનુમોદન આપ્યું છે.

ત્યાં પછી નિરંજન ભગત, ધીરુ પરીખ કે પછીથી ચંદ્રકાન્ત ટોપીવાળા પ્રમુખ થયા એમની હાજરીમાં પણ મધ્યસ્થ કે કારોબારીના મંચ પર આ મિત્રોએ ક્યારેય સ્વાયત્તાના મુદ્દે પરિષદની નીતિનો વિરોધ નથી કર્યો પણ સરકાર સામે અકાદમીની સ્વાયત્તતા અંગેની લડતમાં કેવાં પગલાં ભરવાં એમાં પણ પોતાનું સમર્થન આપ્યું છે. જૂન, બે હજાર પંદરની મધ્યસ્થે અને કારોબારીએ સર્વાનુમતે તત્કાલીન પ્રમુખ ધીરુ પરીખ તથા મોવડી નિરંજન ભગતને અકાદમીની સ્વાયત્તતા માટે પગલાં ભરવાના નિર્ણયો લેવા લોકશાહી ઢબે સત્તા સોંપી છે, જેને અંતર્ગત પરિષદે અકાદમી સામે અસહકારનું અહિંસક શસ્ત્ર ઉગામ્યું છે. એટલે પછી તો પ્રશ્ન માત્ર એ જ આવીને ઊભો રહેતો હતો કે તમારે અકાદમી સાથે જવું હોય તો તમે ખુશીથી જઈ શકો છો, પણ અહીં રહીને તમે સરકારી અકાદમી માટે કામ ન કરી ન શકો. આ કારણે રતિલાલ બોરીસાગર, માધવ રામાનુજ જેવા કેટલાક હોદ્દેદારોએ ઈમાનદારીથી અંતરાત્માના અવાજને અનુસરી રાજીનામાં પણ આપ્યાં છે જે પાસ થઈ ગયાં છે. છેલ્લા કેટલાક સમયથી રવીન્દ્ર અકાદમીની તરફેણમાં રહી પોતે જે પરિષદના ઉપપ્રમુખ છે, એને બદનામ કરવાની પ્રવૃત્તિ કરી રહ્યા છે. એટલે હવે પોતાને રાજીનામું આપવું પડે એવી સ્થિતિ ઊભી થઈ હોવાથી તેઓ ચોર કોટવાળને દંડે એ ન્યાયે બહુમતીથી ચૂંટાયેલા પ્રતિષ્ઠિત સાહિત્યકાર ચંદ્રકાન્ત ટોપીવાળા માટે અણછાજતી ભાષા તો વાપરી જ રહ્યા છે પણ એમનું રાજીનામું માગવા પત્ર લખે છે અને એ પત્ર સરકાર તરફી છાપામા લીક કરે છે. અરે ભાઈ, મારું રાજીનામું માગવું હોય તો, સરકારે અકાદમીમાં જેમને સંવિધાનનો ભંગ કરી, અલોકતાંત્રિક રીતે પ્રમુખ બનાવ્યા છે, એ ભાગ્યેશ જહાનું માગોને. છે એટલી હિંમત? મિત્ર રવીન્દ્ર પારેખ અને સરકાર તરફે રહી અવારનવાર પરિષદને પોતાની કોલમોમાં બદનામ કરતા, પરીષદની અંદર રહીને એને સરકારી અકાદમી જેવી રાજનર્તકી બનાવવા માંગતા તમામને હું પડકાર ફેંકું છું કે તાકાત હોય, તો સરકારી અકાદમીના સરકાર નીમ્યા પ્રમુખ ભાગ્યેશ જહાને તમારા ટેકાથી ગુજરાતી સાહિત્ય પરિષદની ચૂંટણીમાં પ્રમુખપદના ઉમેદવાર બનાવો, પછી જુઓ ગુજરાતના લેખકો પોતાનો કેવો મિજાજ બતાવે છે? આ સાહિત્યનું ક્ષેત્ર છે, રાજકીય ક્ષેત્ર નથી, અહીં મૂલ્ય ચાલશે, તમે કરો છો તેવા રાજનૈતિક કવાદાવા નહીં. ૧૯૦૫માં ગોવર્ધનરામ ત્રિપાઠીના પ્રુમખપદે સ્થપાયેલી અને પછી મુનશી-નિલકંઠ-ઉમાશંકરે સંવર્ધિત કરેલી આ સાહિત્ય પરિષદ છે, કોઈ સહકારી ડેરી કે ખેતીવાડી પરિષદ નથી.

અહીં આ લેખ દ્વારા હું ફરી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ ચંદ્રકાન્ત ટોપીવાળા પાસે પરિષદના એક સાધારણ સભ્ય તરીકે એવી માગણી કરું છું કે રવીન્દ્ર પારેખ પરિષદના ઉપપ્રમુખ હોવા છતાં જે સરકારી અકાદમીને સ્વાયત્ત કરવા માટે પરિષદ લડત આપી રહી છે એના વતી પરિષદમાં છીંડાં પાડવાનું કામ કરી રહ્યા છે કે જેથી સરકાર પરિષદમાં પાછલા બારણેથી પ્રવેશે અને એની સ્વાયત્તતાને અભડાવે. એમનું આ કૃત્ય સંસ્થાવિરોધી કૃત્ય કહેવાય, અને એટલે પરિષદપ્રમુખે એમની સામે કાર્યવાહી કરવી જોઈએ. અલબત્ત, રવીન્દ્ર પારેખ પોતાના આ સંસ્થાવિરોધી કૃત્ય બદલ ખેદ પ્રકટ કરી, જાહેર માધ્યમોમાં ક્ષમાયાચના, કરે તો એમના પ્રત્યે કૂણું વલણ પણ એટલા માટે દાખવવું જોઈએ, કેમકે છેવટે સમજદાર માણસ અંતે પોતાના ઘર ભણી પાછો ફરતો હોય છે.

૧૧-૪-૨૦૧૭ E-mail : pjagjivandas@gmail.com

# મોતિયાની મોકાણ કે અધૂરો અંધાપો ? / બારીન મહેતા

**આજની** વણસતી/'વિકસતી' રાજકીય, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક પરિસ્થિતિ વિશે ચોખ્ખું જોવાનું અને એટલું જ સ્પષ્ટ કહેવાનું ભાગ્યે જ કોઈ દ્વારા સામે આવે છે. સમગ્ર માહોલમાં એવું કંઈ પ્રસરી ચૂક્યું છે, જેનાં લક્ષણો કળી શકાય છે, છતાં એ પૂરેપૂરું પકડી શકાતું નથી અથવા એમ કહો કે કળાતું નથી! કશાકનાં પડઘમ અત્રતત્ર સંભળાયાં હોય અને એ વખતે આછો અણસારો પારખવાની વાત જેમણે કરી હોય, એમને પણ આજે જાણે એમના કથનમાં થોડાંક ઉમેરણો કરવા સિવાય કશું વિશેષ દેખાતું નથી. સરિયામ આથો આવેલી આ પરિસ્થિતિ વિશે જેવો અને જેટલો અવાજ ઊઠવો જોઈએ, એટલો ઊઠતો નથી. અંદેશા અને ધારણાઓ તેમજ અનુમાનોની તારવણી ક્યાંક-ક્યાંક જોવા મળે, એનો અર્થ એટલો જ કે સમયના સંદર્ભમાં સમીક્ષા અને આકલનોમાં એવી ઊણપ વરતાય છે કે સમયની પરખમાં આપણા માન્ય સમીક્ષકો, લેખકો, વિચારકો, ચિંતકો, સાહિત્ય-સર્જકો કશીક થાપ ખાઈ ગયા લાગે છે. એમ પણ કહી શકાય કે તેઓ એવા અને એટલા સ્થાપિત થઈ ચૂક્યા છે કે એમની પોતાની ઘરેડ અને કથનશૈલીમાં સમય પ્રમાણે ફેરફાર કરવા અને નવેસરથી વિચારવા કરતાં પોતાની પાકટવયને અનુરૂપ પોતાને ઢાળી ચૂક્યા હોય ને પોતાની જૂની સિદ્ધાંતનિષ્ઠાને આજની ભાષામાં મૂકી આપતા હોય!

તાત્પર્ય એ છે કે સપાટી ઉપરની રોજિંદી ઘટનાઓ, બનાવો, ઇત્યાદિ જે મૂળ કારણોને લીધે પ્રગટ્યાં અને પ્રસર્યાં હોય, એના વિશે આપણી પાસે કશું સ્પષ્ટ હાથવગું હોય એમ કહી શકવાની સ્થિતિમાં આપણે છીએ ખરાં? આપણી જૂની સિદ્ધાંતનિષ્ઠામાં ઉમેરણ યોગ્ય હોય તે ઉમેરાયું અને નવી તાજગી મળી કે નહીં ? આપણે વહેતા સમય સાથે કેટલા વહેતા રહ્યા, એની આપણને જાણ છે ખરી? આજના સામાન્ય માણસને ગળે ઊતરે, સમજાય, એના જિવાતા જીવનની હાડમારી અને સમસ્યાઓની દારૂણ વિભીષિકા દર્શાવે અને ઉકેલને પણ વાચા આપે એવું પાછલા ચાર-પાંચ દાયકામાં થયું છે? દિવસ અને રાત જિવાતા જીવનમાં વધતી જતી મોંઘવારી, ભાગદોડ, ઉપભોક્તાવાદની ભરમાર, એમાં અટવાતું યુવાધન, સતત કથળતું જતું પર્યાવરણ અને એમાં આપણો—માનવ સમૂહનો જ હાથ હોવાની પ્રતીતિ, અનિશ્ચિત રાજકારણની આંટીઘૂંટીમાં રોળાતા આદમીની રોજિંદા જીવનની અસલામતી, વધતી જતી ધાર્મિક અસહિષ્ણુતા અને કોમી હુલ્લડો અને અનામત-આંદોલનોનું સામાજિક અસંતુલન, જાહેર મંચો અને સમૂહમાધ્યમો ઉપર મુઠ્ઠીભર કહેવાતા કૉર્પોરેટ નિરીક્ષકો અને જૂથોનું વર્ચસ્વ, જાતભાતની અફવાઓ અને ફતવાઓનો પ્રસાર, ભારઝલ્લા શિક્ષણમાં હોમાતાં બાળકો અને કિશોરો, કહેવાતા સ્વાહા થતી સ્થાનિક ઓળખ,-આ બધાંમાંથી આપણે શું-શું લીધું અને સમજ્યા અને શું પરત વાળ્યું?

એમ કહે છે કે જ્યારે કથળતી સ્થિતિ અંગે ખાસ કશો ઊહાપોહ ના થાય અને એના વિશે સ્પષ્ટ રજૂઆતો ના થાય ત્યારે એનો લાભ એવાં પરિબળો ઉઠાવે છે જેમને પોતાનાં તરભાણાં ભરવામાં રસ હોય છે. સમાજનાં બધાં જ ક્ષેત્રોમાં એવાં પરિબળો હોય છે અને તેઓ ઉંદરની જેમ ફૂંક મારી મારી પોતાનો હેતુ સાધે છે. એમને પોતાની પ્રતિષ્ઠા અને સંબંધોનો ઉપયોગ એવી રીતે કરતાં ફાવતું હોય છે કે પોતે સીધા ચિત્રમાં ના આવે અને ઉંદરકર્મ ચાલુ રહે. આવાં પરિબળો મૂલ્યો સાથે બાંધછોડ કરી શકે છે, વિવિધ રીતે પોતાની વગ વાપરે છે અને સાચી દિશામાં કામ કરનારાને હતોત્સાહ કરવા માટે આડાઅવળા ખેલ પણ પાડે છે. એવાં પરિબળોના ચરિત્રમાં એકવાક્યતાનો અભાવ તો જોવા મળે જ, ઉપરાંત, મૂલ્યને નામે મૂલ્યની સોગઠી પણ ઉડાડે છે. જેમકે આજકાલ, ગુજરાત સાહિત્ય અકાદમી સામે ચાલતા સ્વાયત્તતા આંદોલન સંદર્ભે સાહિત્યના કેટલાંક પરિબળો એમ કહે છે કે અમે સ્વાયત્તતામાં માનીએ છીએ પણ સરકાર સાથે સંવાદિતામાં પણ માનીએ છીએ, એટલે સમાધાનકારી વલણ વડે હેતુ સાધવા મથીએ છીએ. અને એવા મિત્રો બિનસ્વાયત્ત અકાદમીના સલાહકારમંડળ કે એમના કાર્યક્રમોમાં સહભાગી અને ટેકેદાર બની રહે છે. કેટલાય સમયથી એમાં હોવા છતાં તેઓ સમાધાનકારી વલણ વડે હેતુ સાધી શક્યા, એવું તો લગીરે લાગતું નથી. ઊલટું, કેટલાકે તો એ માટે પરિષદ જેવી સંસ્થામાંથી તેમજ તેઓ જે હોદ્દા પર હતા એમાંથી રાજીનામું આપી દીધું છે —આ બધું તો અખબારજોગ સમાચાર રૂપે પ્રજા સુધી પહોંચી ગયું છે. આ ખરેખર ખતરનાક અને જાહેર ધોરણે છળ કરનારી બાબત છે, જેને તેઓ બેધડક અનુસરે છે તેમજ નિત નવા વિવાદો ઊભા કરી સ્વાયત્તતા આંદોલનને અને એના ટેકેદારોને ઉતારી પાડવાનું કામ કરે છે. જોકે બે વર્ષથી ચાલતા આ આંદોલને અનેક સાહિત્યકારો અને અમુક સાહિત્યની સંસ્થાઓને પ્રતીતિ કરાવી છે કે આ આંદોલન એક સાચી દિશા અને મૂલ્યનિષ્ઠ આધાર ધરાવે છે.

હમણાં, હમણાં સ્વ. કવિ શ્રી ચિનુ મોદીની શોકસભા અંગે પરિષદને અને સ્વાયત્તતાના મુદ્દાને ફરી વિવાદના દાયરામાં લાવવાનો અને અમુક જૂના મુદ્દાઓને સાંકળવાનો પ્રયત્ન થયો તેમજ પ્રજાને ગેરમાર્ગે દોરવા માટે મૃત્યુનો મલાજો અને સામૂહિક શોકસભા જેવા અન્ય મુદ્દા ઉઠાવીને જે રીતે જાણીતા અખબાર દિવ્ય ભાસ્કરે એકતરફી ઝોક સાથે લાગલગાટ ત્રણ દિવસ એકપક્ષીય અહેવાલો રજૂ કર્યા છે, એમાં અખબારી નૈતિકતા પણ જાળવી નથી જણાતી. આ અંગે પરિષદે પણ પોતાનો અવાજ ઉઠાવવો જોઈએ અને એના ઉપપ્રમુખશ્રી રવીન્દ્ર પારેખે જે બેવડી છલના કરી છે એ અંગે પણ ઘટતાં પગલાં લેવાં જોઈએ. પોતાના અંગત આર્થિક તેમજ અન્ય લાભો અને પક્ષીય પસંદગી માટે જ્યારે સાહિત્યકાર પોતાને આ રીતે ગિરવે મૂકે છે, ત્યારે તે કેવી રીતે આખી સાહિત્યિક આલમને પણ છેહ દે છે એનાં આ બધાં જીવંત દૃષ્ટાંતો છે.

હમણાં જ બિનસ્વાયત્ત ગુજરાત સાહિત્ય અકાદમીએ નવા સાત પ્રકારના ઍવૉર્ડ્ઝની જાહેરાત કરી છે. એમાં અસાઈત ઠાકર નાટ્ય પારિતોષિક શ્રી સૌમ્ય જોષીને તો ગિજુભાઈ બધેકા બાળ સાહિત્ય પારિતોષિક શ્રી યશવંત મહેતાને મળ્યું છે. ૨૦૦૨નાં હુલ્લડો અને કાંકરિયા તળાવ અંગે નગરપાલિકાએ ફી દાખલ કરી, ત્યારે ભાજપ સરકાર અને મ્યુનિસિપાલિટી સામે નાટક, શેરીનાટક કરીને તારસ્વરે શ્રી સૌમ્ય જોષીએ વિરોધ દાખવેલો. હવે તેઓ એ જ ભાજપની બિનસ્વાયત્ત અકાદમીનાં પારિતોષિક પણ લે છે. શ્રી યશવંત મહેતા પોતાને માર્ક્સવાદી અને ભાજપના વિરોધી ગણાવે છે અને તેઓને આ પારિતોષિક સ્વીકારવામાં કશો વાંધો આવે એવું જણાતું નથી. એનો અર્થ એવો કરવાનો કે પોતાને સ્થાપિત કરવા માટેની પ્રતિબદ્ધતા જુદી અને પારિતોષિક અંગેનું વલણ જુદું ?

ગમે તેમ પણ, જે કોઈ સ્વાયત્તતા પ્રકારનાં મૂલ્યોમાં ઉપરછલ્લું નહીં, સાચદિલીથી માને છે એમને લડવા માટે મૂલ્ય જ બળ પૂરું પાડતું હોવાથી સમસ્યા છે નહીં. સમસ્યા તો એ લોકો માટે હોવાની, જેઓ મૂલ્યદ્રોહ કરી રહ્યા છે અને પોતાની સત્તાશીલતા અને અંગત લાભો માટે સમગ્ર સાહિત્ય આલમની સાથે છલના કરી રહ્યા છે.

રાજકીય પક્ષો અને એની પ્રત્યક્ષ કે પરોક્ષ તરફદારી કરનારા સાહિત્યના કહેવાતા માંધાતાઓ જે કંઈ કરી રહ્યા છે, એમાં ફાયદો તો છેવટે મૂલ્યનિષ્ઠ સર્જકોને થવાનો છે, કારણ કે સ્વાયત્તતા અને અભિવ્યક્તિ-સ્વાતંત્ર્ય એવી ધરોહર છે જે સર્જકના સર્જનને સાચનો સ્પર્શ અને બળ પૂરું પાડે છે, જેનો રાજકારણી, અંગત લાભ લેનારા અને મૂલ્ય સાથે બાંધછોડ કરનારા સાહિત્યકારોમાં અભાવ જોવા મળવાનો; કારણ કે, આત્મવંચના અને છલના એ સર્જનને અસર કરે છે તેમજ સાચદિલીનો અભાવ સર્જનની આભામાંથી આંતરિક સત્ત્વને ભૂંસી નાખે છે. જે કોઈને આ સીધુંસાદું સર્જક સત્ય ના દેખાતું હોય એમને માથે કાં તો મોતિયાની મોકાણ હોવાનો કે અધૂરા અંધાપાનો ભય ઝળૂંબી રહ્યો છે. એનો ઇલાજ કરાવી શકાય તો કરાવે, અન્યથા.... સ્વાયત્તતા જાણે છે એમનું શું થવાનું છે!

૧૧-૪-૨૦૧૭

E-mail : barinmehta@gmail.com

# મલાજો : એક પુનર્વિચાર/કિરીટ દૂધાત

**પ્રિય પ્રકાશભાઈ,**

હાલમાં દિવંગત થયેલા બે સાહિત્યકારો તારક મહેતા અને ચિનુ મોદીની શોકસભા વિશે 'મરણનો મલાજો'ની ચર્ચાઓ જેમના દ્વારા ચલાવવામાં આવી રહી છે, તેમને કેટલાક પ્રશ્નો પૂછવાનું મન થાય છે તે અહીં 'નિરીક્ષક'ના માધ્યમથી રજૂ કરું છું :

૧. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા 'રમણભાઈ નીલકંઠ હાસ્ય-પારિતોષિક' પ્રથમ પારિતોષિક વિનોદ ભટ્ટને આપવાનું નક્કી થયું અને એ કાર્યક્રમ તા. ૮ જૂન, ૨૦૧૬ના રોજ યોજાયો, ત્યારે તારક મહેતા હયાત હતા છતાં સૌપ્રથમ પારિતોષિક રાજીખુશીથી સ્વીકારનાર હાસ્યલેખકને એવું મનમાં કેમ ન ઊગ્યું કે આ પારિતોષિક સૌ પહેલાં તારક મહેતાને આપો. કેમકે આ પારિતોષિક જાહેર થયું ત્યારે એ મેળવનાર હાસ્યકાર પોતે જ આ અકાદમીના સલાહકારમંડળના સભ્ય હતા અને આજે પણ છે. એમણે સૂચન કર્યું હોત કે આ પારિતોષિક તારકભાઈને આપો, તો એ ચોક્કસ આ નિર્ણય બદલવામાં સક્રિય ભૂમિકા ભજવી શક્યા હોત. તારકભાઈના જવાથી અકાદમી સફાળી જાગી અને પારિતોષિક-વિતરણનો કાર્યક્રમ તડામાર ગોઠવી કાઢ્યો. તા.૩૧/૩/૨૦૧૭ના રોજ આ પારિતોષિક અર્પણસમારોહના કાર્યક્રમમાં આ સન્માન એમના વતી સ્વીકારનારાં એમનાં સુપુત્રીએ જણાવ્યું કે 'આ ઇનામ સ્વીકારવા હું અમેરિકાથી પણ આવી શકું છું.' (તા.૧/૪/૨૦૧૭, 'નવગુજરાત સમય') તો આ ઇનામ જીવતેજીવત સ્વીકારવામાં દિવંગત તારકભાઈને એથી પણ વધુ ગૌરવ અને અકથ્ય આનંદ થયાં હોત.

વરસો પહેલાં ભારતનાં તત્કાલીન વડાંપ્રધાન ઇન્દિરાજીનાં અવસાન બાદ એમની પ્રશંસામાં 'અહો રૂપમ અહો ધ્વનિ'નું પ્રમાણ ખૂબ જ વધી ગયું. ત્યારે તે સમયે 'જનસત્તા'માં મિત્ર ડંકેશ ઓઝાએ આ વલણને વખોડતું ચર્ચાપત્ર લખ્યું હતું, જેમાં એમણે એક ગુજરાતી કહેવત ટાંકેલી, જે અહીં ઉદ્ધૃત કરતો નથી, એવો ઘાટ તો નથી થયોને? હવે પ્રથમ પારિતોષિક જાહેર કરનારા અને સ્વીકારનારાઓ એવી દલીલ કરવા જરૂર લલચાશે કે 'શું કરીએ? આ પારિતોષિકનો નિર્ણય સરકારે ફાઇલ ઉપર લઈ લીધો હતો.' પણ એ દલીલ અહીં સ્વીકાર્ય નથી, કેમકે આ જીવે તેત્રીસ વરસ સુધી સરકારમાં નોકરી કરી છે, એટલે એ અને મારા જેવા ઇતર મનુષ્યો જાણે છે કે આવો નિર્ણય ખેલદિલીપૂર્વક બદલવામાં સરકાર પણ રાજીખુશીથી તૈયાર થાય જ. ભૂતકાળમાં 'વલી ગુજરાતી ગઝલ પારિતોષિક'ના નિર્ણય વેળા ચિનુ મોદી અને રાજેન્દ્ર શુક્લમાંથી કોને આ પારિતોષિક આપવું, એ યક્ષપ્રશ્ન આવ્યો ત્યારે સમિતિએ બંનેને આપવાનો નિર્ણય કર્યો હતો અને સરકારે રાજીખુશીથી આ નિર્ણયને માન્ય રાખ્યો હતો, એવું 'રમણભાઈ નીલકંઠ હાસ્ય પારિતોષિક' વેળા પણ થઈ શક્યું હોત, પરંતુ એવી દાનત અને ખેલદિલી આ પારિતોષિક આપનારાઓ અને સ્વીકારનારામાં હતાં? લેખક દિવંગત થાય, ત્યારે એ તો મારા કરતાં પણ મોટા હાસ્યલેખક હતા, એવું ટીવીના કૅમેરા સામે દાવો કરવો એને જ ખેલદિલી કહેવાય?

૨. એ રીતે ચિનુભાઈના અવસાન પછી ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા એકસાથે ચાર સાહિત્યકારોની શોકસભા રખાઈ, એના ઔચિત્ય અંગે ખિલ્લી ઉડાવવા નીકળેલા એ ભૂલી જાય છે કે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા અપાતો ગૌરવ-પુરસ્કાર ઠેઠ ૧૯૮૩ની સાલથી આપવામાં આવે છે, જે ઈ.સ.૨૦૧૬ સુધી અપાયો. એ વખતે આ બધાં વરસો દરમિયાન તો ચિનુભાઈ હયાત હતા જ. આ તેત્રીસ વરસ સુધી એમને એ આપવાનું કેમ સૂજયું નહીં? અકાદમીના હાલના અધ્યક્ષ જયારે એ વિભાગના સચિવ હતા, ત્યારે સિતાંશુ મહેતા(જ.તા.૧૮-૪-૧૯૪૧) અને સુમન શાહને (જ.તા.૧-૧૧-૧૯૩૯) આ ગૌરવ-પુરસ્કાર આપવાનો નિર્ણય કર્યો, ત્યારે અને પછીથી તેઓ અધ્યક્ષ થયા, ત્યારે વિનોદ જોશી(જ.તા.૧૩-૮-૧૯૫૫) અને માધવ રામાનુજને (જ.તા.૧૨-૪-૧૯૪૫) અપાયો, ત્યારે વિનોદ ભટ્ટ પણ આ સલાહકારસમિતિના સભ્ય હતા જ અને ચિનુભાઈ (જ.તા.૩૦-૯-૧૯૩૯) આ ચારેય કરતાં ઉંમરમાં પણ વડીલ હતા, તે વેળા પણ ચિનુભાઈને સગવડપૂર્વક ભુલાવી દેવાયા? (http://sahityaacademy.gujarat.gov.in/awards-and-achievements-guj.htm#sg-purskar). અલબત્ત આ ચારેય સાહિત્યકારોની લાયકાત નિર્વિવાદ છે જ અને એમણે કોઈ વિવાદ વગર આ પારિતોષિક સ્વીકારીને અકાદમીનું ગૌરવ કર્યું છે પણ આવા નિર્ણય કરનારી અકાદમીની સલાહકારસમિતિના સભ્યો હવે મલાજાની દુહાઈ દે છે, પણ એમને હયાત ચિનુભાઈનું કોઈ ગૌરવ હતું જ નહીં? પછી એમના મૃત્યુ વિશે એમ કહેવાયું કે 'ચિનુએ એની આદત મુજબ ઘૂસ મારી.'(તા.૧-૪-૨૦૧૭ 'નવગુજરાત સમય') આવું આવું બોલીને લોકોને હસાવવામાં કેવી મજા! હા, જીવતેજીવત તો એમને પુરસ્કારોની એલિટ ક્લબમાં ક્યાં ઘૂસવા દીધા હતા?

હકીકત એ છે કે મોટા મોટા સાહિત્યકારોમાં અને ઇનામો આપતી મંડળીઓમાં ચિનુભાઈ persona non grata થઈ ગયેલા પણ હશે. આખરનાં વરસોમાં એમની સફર જુદી દિશામાં હતી. છેલ્લે-છેલ્લે એ મરણગંધી થઈ ગયા હતા.એમની છેલ્લાં ચાર પાંચ વરસની ગઝલોમાં મૃત્યુની વાત એ રહીરહીને કરે જ રાખતા હતા.અંગ્રેજ કવયિત્રી સ્ટિવી સ્મિથના એક જાણીતા કાવ્યની પંક્તિઓનો જે સૂર છે, 'I was much too far out all my life and not waving but drowning.' એ એમનો પણ હતો, એમના ડૂબવાને એ લોકો ન સમજ્યા હોય એવું તો ન બને છતાં એ બધાં હસીને 'એ તો સેલારા મારે છે,' એમ કહીને જવાબમાં સામે હાથ ફરકાવતા રહ્યા, એમાંથી ઘણા બધા હવે એમના 'મૃત્યુના મલાજા'ની દુહાઈના બહાને એમને ડૂબતા હતા, ત્યારે ન બચાવવાનું ગિલ્ટ બીજા પર સ્થાનાંતરિત કરવા બેઠા છે! મહેરબાની કરીને આ બંધ કરશો?

E-mail : kiritdoodhat@gmail.com

## સાહિત્યસેવીઓ અસંવેદનશીલ? / રસેશ જમીનદાર

**ચિનુની** શોકસભાની ઘટના વિશે વાંચીને બહુ દુઃખ થયું. શું સાહિત્યસેવીઓ આવા અસંવેદનશીલ હોય છે? તેમનું કામ તો સમાજને સાંકળવાનું છે, જોડવાનું છે. અહીં એમણે મોતનો મલાજો પણ જાળવ્યો નહીં. ઘણા વખત પહેલાં ઍવૉર્ડવાપસી વખતે દેખાદેખી દર્શાવેલી સંવેદના ક્યાં ગઈ? ઍવૉર્ડવાપસી જે, તે કરવાની નહોતી, તેઓ પણ બાવો નાચે તેમ મોરલી નાચવા લાગી હતી. ઍવૉર્ડવાપસીમાં ક્યાં આર્થિક નુકસાન હતું. વાપસી વેળાએ સંવેદના દાખવનારમાંથી ઘણા તો નિવૃત્ત અધ્યાપકો હશે અને નિવૃત્તિવેતન પણ પ્રતિમાસ હોંશે-હોંશે બૅંકમાંથી લઈ આવતા હશે. એમાંથી કોઈએ નિવૃત્તિવેતન પાછું આપ્યું નથી. દલીલ કરે કે એ તો કપાયેલા પીએફનાં નાણાં છે ? વાણિયા થવાનું પણ કોઈન ગમ્યું નથી, પછી વાલ્મીકિ થવાનું ક્યાંથી ગમે? આ પત્ર છપાશે, ત્યારે 'નિરીક્ષક'માં પરિષદ અને અકાદમી વિશે કદાચ ઘણું બધું લખાશે, ખેર. પણ સાહિત્યસેવીની સંવેદના વિશે લખાશે કે કેમ તે વિશે શંકા છે. નિવૃત્તિવેતન પાછું આપનાર કોઈ ભડવીર થશે. ભગવાન-નિરીક્ષક બંને જાણે.

ચિનુ વાણી-વ્યવહાર-વર્તનમાં એકવાક્ય હતો. એના વ્યક્તિત્વપરિધિમાં ઢોંગને પ્રવેશ હતો જ નહીં. જ્યારે તથાકથિત સરકાર વિરોધી સાહિત્યસેવીઓ નિવૃત્તિવેતન વાપસીથી સંકળાય, તો કોને ના ગમે? જોકે આર્થિક નુકસાનનો ભય એમને ડરાવે છે. આવા તથાકથિત સંવેદનશીલ કરતાં ચિનુ લાખ દરજ્જે પારદર્શક હતો. ખેર, ચિનુના પારદર્શક વ્યક્તિત્વને શ્રદ્ધાંજલિ આપીને વિરમું છું. કેમકે ૧૯૫૬-૫૭થી અમારી મિત્રાચારી આજપર્યંત રહેલી છે. અમદાવાદ

## પ્લીઝ, સાહિત્ય પરિષદને સમજો / નરોત્તમ પલાણ

**ચિનુ** મોદીની શોકસભા સંદર્ભે સ્થાનિક સચાચારપત્રમાં એવું વાંચવા મળે છે કે સાહિત્ય પરિષદને સાહિત્યકારોની શોકસભા સામે વાંધો છે! વિનોદ ભટ્ટ જેવા વરિષ્ઠ મિત્રો પણ માત્ર 'હાસ્ય' જીવતું રાખવા માટે ભ્રામક ખ્યાલો ફેલાવે છે. પ્લીઝ, સાહિત્ય પરિષદને સમજો! શતાબ્દી વટાવી ચૂકેલી પરિષદ, માત્ર અને માત્ર સાહિત્ય માટે જ જીવે છે. સાહિત્ય પરિષદને કદીય કોઈ સાહિત્યકાર સામે કે સાહિત્યકારની શોકસભા સામે વાંધો હોઈ જ ના શકે. યાદ રહે, સાહિત્ય પરિષદને સાહિત્ય અકાદમી સામે કે ભાગ્યેશ જહા સામે પણ કશો જ વાંધો નથી. પરિષદનો વાંધો જે 'પ્રક્રિયા' અખત્યાર કરવામાં આવી, તે 'પ્રક્રિયા' સામે જ છે.

લોકશાહી માટે જે ચળવળ ચાલી તે (૧૯૪૫થી) આ લખનાર દસ વર્ષની વયની નિહાળતો આવ્યો છે. અફસોસ થાય છે કે સાહિત્ય સાથે કામ પાડતા અને સાઠસાઠ, સિત્તેરસિત્તેર વર્ષ વટાવી ચૂકેલા શિક્ષિત નાગરિકો આ વાત કેમ સમજતા નથી? સાઠ વર્ષ વટાવી ચૂકેલા ભાગ્યેશભાઈ અને એંસી વટાવી ચૂકેલા વિનોદભાઈએ તો આ વાત ખાસ સમજવી ઘટે. શા માટે આપણે આપણી સ્થૂળ કામનાઓને વશ વર્તન કરીએ છીએ? 'મીરાં-' અને 'મગનું નામ-' જાણતાં આ મિત્રોએ આ તે શી રમત માંડી છે? ભાગ્યેશ, વિનોદ, સંપત્તિ-સત્તા અને પ્રતિષ્ઠા નાખ નદીમાં, સાહિત્યના મારગે ચાલ!

હા, બિપિન પટેલ (નિ. ૧-૪) યોગ્ય છે. 'સરકાર નહીં, સ્ટેટ અનુદાન આપે છે!' સમજો ભાઈ, સમજો! અંતમાં, મુદ્દો હોય એવું લખાણ જ 'નિરીક્ષક' છે. પોરબંદર

## સરકાદમી સાહિત્યસેવીઓને / પ્રકાશ ન. શાહ

**કોઈકે** લખ્યું કે કુલડીમાં ગોળ ભાંગ્યો... કોઈક એમ પણ કહી શકે કે ઘીના ઠામમાં ઘી પડી ગયું ! એક વાત ચોક્કસ કે ગુજરાતી સાહિત્ય પરિષદના એક ઉપપ્રમુખ રવીન્દ્ર પારેખે પ્રમુખ ટોપીવાળાનું રાજીનામું લેવાની હિમાયત કરતો પત્ર પાછો ખેંચ્યો, અને લાગણીની તીવ્રતાવશ સમ્યક્ પરિપ્રેક્ષ્ય ચૂકવાને કારણે થયેલી ભૂલ કારોબારીમાં ચર્ચાવિચારણા પછી સુધારી લીધી. ચિનુ મોદીની સંયુક્ત શોકસભા બાબતે, અકાદમી સાથે અસહયોગના સ્વીકૃત વલણવશ, પરિષદે વ્યક્ત કરેલ વિરોધનો મુદ્દો બેલાશક જ એવો મોટો મુદ્દો નહોતો કે એને નિમિત્તે સ્વાયત્તતા માટેના આગ્રહને ખુદને પડકારી શકાય. શોકસભામાં સહભાગી થવા ન થવાના મુદ્દે માનો કે વિવાદ હોય, પણ તેથી સ્વાયત્તતાના મૂલ્યને વિવાદના ખાનામાં બલકે કચરાટોપલીમાં ખતવી ન શકાય. કુલડીમાં ગોળ કે ઘીના ઠામમાં ઘી, આ ક્ષણે જે બન્યું તે તાત્પૂરતું તો સ્વાયત્તતાના મૂલ્યને સાચવી લેવાનું બન્યું છે, અને એમાં રવીન્દ્ર પારેખનો પત્રખેંચ વિવેક પણ કામ કરી ગયો છે.

જ્યાં સુધી સરકારી અકાદમી પ્રત્યે કથિત સાહિત્યપ્રીતિવશ જોડાતાસંકળાતા સાહિત્યસેવીઓનો સવાલ છે, એમણે રાજ્ય સરકારને (ખુદ અકાદમી પ્રમુખને પણ) તહેદિલથી પૂછવું રહે છે કે પૅરેશુટ પ્રમુખની મુદત પતી ગઈ તે સાથે તમે કશી દોષદુરસ્તી ચાહો છો કે કેમ, લેખકીય મતદારમંડળમાંથી ચુંટાયેલા લોકોને સમાવી લોકશાહી રાહે અકાદમીને કાર્યરત કરવાને બદલે (એટલે કે લેખકીય મતદાર મંડળને માન આપવાને બદલે) જે બંધારણીય તોડમરોડનો રાહ લીધો એમાં બે વરસને છેડે કંઈક તો પુનર્વિચારની સમજને અવકાશ ખરો કે નહીં?

રાજ્ય સરકાર તરફથી હજુ સુધી તો કોઈ સકારાત્મક સંકેત મળ્યો નથી એ સંજોગોમાં આંદોલન અનિવાર્ય બની રહે એમ જ કહેવું જોઈશે.

૧૩-૪-૨૦૧૭

## એક વિવેકહીન ચેષ્ટા/રજનીકુમાર પંડ્યા

**આ** વર્ષે ૭મી એપ્રિલથી ૧૧મી એપ્રિલ સુધી મોરારિબાપુની નિશ્રામાં યોજાયેલા અસ્મિતાપર્વ-૨૦ના પસંદગીના અંશો આસ્થા ચૅનલ પર માણ્યા, પણ એકદમ ગરિમાપૂર્ણ આ આયોજનની ૯મી એપ્રિલની સવારની સંગોષ્ઠિમાં એક અણછાજતી ઘટના બની ગઈ, જેને ભાગ્યેજ કોઈ એ લક્ષમાં લીધી.

બેનમૂન શાયર 'મરીઝ' વિષેના પોતાના વક્તવ્યમાં શાયર જલન માતરી એકાએક ફંટાઈને બહુ વરવી રીતે,વિના કારણ ગુજરાતી મધુર ગીતકવિ સ્વ. પ્રિયકાંત મણિયારની ટીકા અને હાંસી ઉપર ઊતરી ગયા અને એમની મિષે એમણે સુસંસ્કૃત શુદ્ધ ગુજરાતીમાં લખાતી સમગ્ર રચનાઓ અને એની પદાવલીઓ (Diction)ને ઉતારી પાડી! 'આ નભ ઝૂક્યું તે કાનજી ને ચાંદની તે રાધા રે…' જેવી અનેક અમર રચનાઓ આપનારા અને ૧૯૭૬માં અવસાન પામનારા આ ગણમાન્ય કવિએ 'અશબ્દ રાત્રી', 'સમીપ', 'વ્યોમલિપિ' જેવા અનન્ય કાવ્યસંગ્રહો આપ્યા છે, તેવા આ મૂર્ધન્ય અને હવે તો હયાત નથી તેવા આદરણીય કવિનો જલનસાહેબે ખુલ્લં ખુલ્લાં ઉપહાસ કર્યો. કેવળ મરીઝસાહેબની રચનાઓની અને એમની આગવી ફારસીમિશ્રિત પદાવલીઓની લીટી મોટી કરવા ખાતર એમને ઉતારી પાડ્યા અને એમ કરવા જતાં માત્ર પ્રિયકાંતની જ નહિ પણ સૌમ્ય શબ્દોવાળી સમગ્ર ગુજરાતી કવિતાની લીટી ટૂંકી કરી નાખી!

અને કારુણી તો એ કે આ કુચેષ્ટા પર પણ મોટા ભાગના શ્રોતાઓ હાથ ઉંચા કરી કરીને દાદ આપતા હતા! કોઈને પ્રિયકાંત મણિયારની અને આપણી ગુજરાતી કાવ્યપદાવલીઓની ઊંચાઈની યાદ નહિ આવતી હોય ?

E-Mail:rajnikumarp@gmail.com

## નિવેદન, લેખકની ગરિમા અંગે

**આ** સમયમાં અવસાન પામેલા લેખકોની શોકસભા સંદર્ભે જે વિવાદો થયા—ને એ જ રીતે વ્યક્ત થયા—એનાથી અમે સૌ ક્લેશ અને ખિન્નતા અનુભવીએ છીએ.

આપણે, લેખકો થઈને, પ્રતિભાવ કે પ્રતિક્રિયા તરીકે જે કંઈ રજૂ કરીએ, એમાં મતભિન્નતા કે વિરોધ ભલે આકરી રીતે વ્યક્ત થયા—ક્યારેક આકરી રીતે પણ કહેવું પડતું હોય છે—પણ જે ભાષામાં એ રજૂ કરીએ છીએ એ આપણને, સંવેદનશીલ અને તર્કનિષ્ઠ સાહિત્યકાર તરીકે શોભે એવું હોવું જોઈએને? સામેનાને અને વાંચનાર નાગરિક માત્રને પ્રતીતિ કરતાની ભૂમિકાએ અસર કરે એવી ભાષાને બદલે આપણી તીવ્રતા આપણને અપમાનજનક અને ઉશ્કેરણીમૂલક ભાષા તરફ શા માટે ઘસડી જવી જોઈએ? ક્યારેક તો એ ભાંડણ ભાષાની હદે જતું રહે છે, એનો ખ્યાલ ન રહેવો જોઈએ? આપણી સાહિત્ય-વિદ્યા-સંસ્કારની પરંપરા પૂર્વપક્ષ-ઉત્તરપક્ષની ભૂમિકાએ વિકસેલી છે, એ આપણે જાણીએ છીએ, તો પછી, કોઈ સંસ્થાની પરિપાટીને, એના (ભિન્ન)મતને સમજીને, એમાં ક્ષતિ હોય તો, એ અંગેનો આપણો મત તાર્કિક ભૂમિકાએ બતાવી ન શકીએ? વળી, ધારો કે કોઈ એક બાબતે આપણને જણાયેલી ભૂલ ચીંધવાની હોય, તો તે ઉપરાંત આખી સંસ્થાની વ્યાપક શાખને લક્ષ્ય કરીને એના પર અનૂચિત પ્રહારો શા માટે કરીએ? એમાં તો તાર્કિકતાનો જ આપણો છેદ ઉડાડીએ છીએ – એવું નહીં ? સાહિત્યકારને ભાષાનું વરદાન હોય એવું આપણે સમજતાં હોઈએ તો, અસરકારક રજૂઆત માટે આપણને બરડ, કર્કશ ને સૌજન્યશૂન્ય ભાષા સિવાયની કોઈ ભાષા-શક્તિ કામ કેમ નથી લાગતી? વર્તમાનપત્રોમાં 'સામાજિક સંચાર-માધ્યમોમાં અને ઇ-મેઇલ દ્વારા જે વિચારો-અભિપ્રાયો-પ્રતિક્રિયાઓ-આક્ષેપો ઉછળ્યા છે, એ જોતાં આવા પીડાદાયક પ્રશ્નો અમને થાય છે.

સૌથી વધારે કમનસીબ બાબત તો એ છે કે આપણી આવી રીતરસમથી તો આપણે સૌ સાહિત્યકારો, ને એમ આખું સાહિત્યજગત વ્યાપક સમાજની નજરે હીન દેખાવાનું. પછી તો સમાજ લેખકોનું મૂલ્યાંકન એમના સર્જન-વિવેચન-લેખનથી નહીં' પણ એમનાં આવાં કાર્યો-પ્રવૃત્તિઓ પરથી કરતો થશે—ને આપણા એવા ગૌરવભંગ માટેની જવાબદારી આપણી સૌની ગણાશે.

સાહિત્ય પરિષદ અને સાહિત્ય અકાદમી, એ બંને ગુજરાતી સાહિત્યની સંસ્થાઓ છે. પરિષદ કે અકાદમીના વહીવટીતંત્રની સાથે ન જોડાયેલા હોય એવા લેખકોનું પ્રમાણ સ્વાભાવિક જ ઘણું વધારે છે. એ બધાંને કાં તો આ કે પછી તે સંસ્થા સાથે જોડાયેલા કલ્પી લેવાં ઠીક નથી. લેખક તરીકે એ સ્વતંત્ર છે, અને એ સૌ જાણતાં જ હોય કે જે મૂળ વિવાદ છે એ સંસ્થાઓની ભિન્ન પ્રવૃત્તિઓ અંગે નથી, પણ સાહિત્યસંસ્થાના મુખ્ય સંચાલક (પ્રમુખ/અધ્યક્ષ)નું ચયન અને વ્યવસ્થાપકમંડળની રચના કઈ રીતે કરવી ઘટે-સંસ્થાના સભ્યો લોકશાહી પદ્ધતિએ મતદાનથી નિર્ણય કરે એ રીતે કે રાજ્ય સરકાર સીધી નિયુક્તિ કરી તે એ રીતે એ અંગે વિવાદ છે. એટલે કે સ્વાયત્તતાની મૂળભૂત સમજ અંગેનો વિવાદ છે. આમ, સ્વાયત્તતાનો પ્રશ્ન આખરે તો પ્રત્યેક લેખકના ગૌરવનો પ્રશ્ન છે. એ ગરિમાને સ્વીકારીને જ ટીકા-વિરોધ કરવાનાં હોય. નહીં તો સમાજનો વિચક્ષણવર્ગ એ પરખી જશે કે તર્ક અને પ્રામાણિકતા વિનાની ઉદ્દંડ ને સ્વૈર વિવાદપરકતા પાછળ કોઈ દુર્ભાવ કે દુરાશય પણ હોઈ શકે.

અમારી હાર્દિક વિનંતી છે સર્વ લેખકમિત્રોને કે, કોઈ પણ પ્રકારનો ડહોળાટ ઊભો થાય, એવી પરિસ્થિતિનું નિર્માણ કરવાને બદલે મતભિન્નતાને પણ લેખકને છાજે એવી ગરિમાપૂર્ણ અસરકારકતાથી રજૂ કરવાનું રાખે. આપણી ભૂમિકા વિરોધ અને ચર્ચા દ્વારા પણ કોઈ પારદર્શક સંવાદ સ્થાપવા તરફની હોય. કોઈ પણ પરિસ્થિતિમાં આપણી સંવેદનશીલતા અને તર્કનિષ્ઠતા જ પ્રામાણિકતાપૂર્વક આગળ રહે, એવું આપણી વાચાનું બળ હોય.

**લિ. અમે સૌ**

ગુલામોહમ્મદ શેખ, સિતાંશુ યશશ્ચન્દ્ર, પ્રકાશ ન. શાહ, રમણ સોની, હિમાંશી શેલત, જયદેવ શુક્લ, શિરીષ પંચાલ, પ્રવીણસિંહ ચાવડા, કિરીટ દુધાત, બિપિન પટેલ, પ્રવીણ પંડ્યા, દિલીપ ઝવેરી, હર્ષદ ત્રિવેદી, રમણીક સોમેશ્વર, મહેશ ચંપકલાલ, ભરત મહેતા, હેમન્ત દવે, કમલ વોરા, બકુલ ટેલર, સંધ્યા ભટ્ટ, મહેન્દ્રસિંહ પરમાર, અશ્વિન બાપટ, કિશોર વ્યાસ, પીયૂષ ઠક્કર, ઇલાબહેન નાયક, કેતન રૂપેરા

# અજંપ અને એકલવીર સનત મહેતા/હસમુખ પટેલ

**સનત** મહેતા એ ગુજરાતના જાહેરજીવનનું નોખું અને અનોખું નામ છે. ડંકેશભાઈએ સાચું જ કહ્યું છે કે તેમનું રાજકારણ એ વિકાસનું રાજકારણ હતું. રાજકારણમાં નિહિત ખટપટ અને કોઠાકબાડાથી તેઓ આજીવન જોજનો છેટા રહ્યા. 'પોલિટિક્સ ઑફ ડેવલપમૅન્ટ' અને 'ઇકોનૉમિક્સ ઑફ પ્રોપર્ટી'નામનું તેમના જીવનમંત્રનું માદળિયું આજીવન તેમણે ડોકમાં વળગાવેલું રાખ્યું.

'અજંપ અને એકલવીર સનત મહેતા' (ડંકેશ ઓઝા, રંગદ્વાર પ્રકાશન) પુસ્તકમાં, તેમનાં જીવનકાર્યોમાં વિવિધ આયામો અને તબક્કાઓમાં જે એક ધાગો અક્ષુણ્ણ વરતાય છે, તે એક સનત મહેતાનું વ્યક્તિત્વ નિત્ય વિકાસશીલ હતું. નવું નવું જાણવાની હંમેશની તાલાવેલી અને લગનીને કારણે ગુજરાતના વંચિતો અને સર્વહારાઓની વિવિધ જમાતોને કોઈ ને કોઈ નિમિત્તે તેમના તાજગીસભર ઉધામાઓએ શીળી છાયા આપી છે.

હા, માત્ર તેમના બાહ્યરૂપથી જ તેમની મુલવણી કરવા જઈએ, તો અચૂક જ ગોથું ખાઈ જવાય. આ લખનારનો તેમની સાથે અઢી દાયકાનો સંબંધ રહ્યો. ખાસ્સા લડ્યા, ઝગડ્યા, રિસાયા, તોપણ અમારા સ્નેહની ભીનાશની બાદબાકી ક્યારેય ન થઈ.

ગરીબો માટેની મમતા તો એવી ને એવી આજીવન લીલીછમ રહી. એમાં કશીય ઓટ ક્યારેય ન વરતાઈ. આઝાદી આંદોલને યુવા અને તેજતર્રાર લડવૈયા તરીકે તેમને ઘાટ આપ્યો. સ્વાતંત્ર્યોતર કામમાં લગભગ અઢી દાયકાના રાજકીય અને જાહેરજીવનમાં સીધા સંઘર્ષનાં વરસો બાદ કૉંગ્રેસના સોળે કળાએ તપતા સૂરજ વચ્ચે કૉંગ્રેસવાસી થવા છતાં એમના લમણે તો સંઘર્ષ આજીવન લખાયેલો રહ્યો. સંઘર્ષની તાવણીએ એક અર્થમાં તેમના વ્યક્તિત્વને માંજ્યું છે.

તેમની સંઘર્ષમય જીવનયાત્રામાં અનેક પડાવોમાં તેમણે અભ્યાસ અને રચનાકાર્યોનો તંતુ છેક સુધી જાળવી રાખ્યો. કાં તો રાજકારણીઓ નકરા રાજકારણમાં રચ્યાપચ્યા રહે છે અને રચનાત્મક કાર્યકરો રાજકારણથી નિરપેક્ષપણે પોતાનાં કામોમાં ગળાડૂબ રહે છે. આ બંનેનો સમન્વય બહુ ઓછામાં જોવા મળે. સનતભાઈ આમાં અપવાદ હતા અને એટલે જ તે નોખા રાજપુરુષ હતા. સામાજિક બદલાવ માટે રાજકારણ એ બળવાન હથિયાર છે, એવું સચોટપણે માનતા સનત મહેતાએ ચીલાચાલુ રચનાત્મક પ્રવૃત્તિઓ કરતાં જુદા પ્રકારનાં રચનાકાર્યોમાં નવી ભોં ભાંગીને આ હથિયારને ધાર આપવાનું કામ બખૂબી નિભાવ્યું છે, એ વાત ડંકેશભાઈએ સરસ રીતે ઉપસાવી છે.

આ પુસ્તકમાં વંચિતો અને હાંસિયામાં ધકેલાઈ ગયેલાઓના જીવનમાં અજવાશ આણવા સનતભાઈની મથામણનો સળંગ ચિતાર છે.

તેમની જીવનયાત્રાના ઉત્તરાર્ધનાં વરસોમાં ક્યાંય ક્યાંક મારે પણ તેમની સાથે સહભાગી થવાનું બન્યું છે.

મારા તેમની સાથેના સંબંધની શરૂઆત તો થઈ નર્મદા નિગમના અધ્યક્ષ સનત મહેતાના સલાહકાર તરીકે, પણ આ સંબંધ છેવટે તો મૈત્રીમાં પરિણમ્યો – ઉંમરના બાધ વિના. નર્મદાયોજના માટેના તેમના અજંપાનો હું સાક્ષી છું. યોજના પૂરી થાય, ગુજરાતના ખેડૂતો બે પાંદડે થાય, તેની સાથોસાથ યોજનામાં જમીન ગુમાવનારાઓ પણ સ્વમાનભેર મોજથી જીવી શકે તેવી તેમની આરતને તેમણે આકાર આપી દુનિયાની બેનમૂન પુનર્વસનયોજનાનું દૃષ્ટાંત ઊભું કરી આપ્યું. નર્મદા નિગમના નિયામકમંડળની એક બેઠકમાં હોદ્દાની રૂએ નિયામક બનેલા એક વરિષ્ઠ સનદી નાણાંસચિવે કોઈ બાબતે આડીતેડી વાત કરતાં તેમનો જે રીતે ઊધડો લઈ નાંખેલો તેનો હું સાક્ષી છું. નર્મદા નિગમની તેમની કચેરી યોજનાના દરેક વિસ્થાપિત માટે પિયર ગણાતી. તેઓ ઇચ્છે એ અધિકારીને પોતાની કચેરીમાં બોલાવી શકે તેમ છતાં કહેવાતા પ્રોટોકોલની એસી તેસી કરી વિસ્થાપિત અરજદારના પ્રશ્નોને લઈને તેમની સાથે નીચેના નિગમના અધિકારીઓની કચેરીમાં ધસી જવામાં તેમને કશીય નાનમ નહોતી. તેમની આવી ચેષ્ટાઓને લીધે વિસ્થાપિતોના પ્રશ્ન ઝડપથી ઉકેલવામાં અધિકારીઓ પણ મંડેલા રહેતા.

સનત મહેતાનો નર્મદા નિગમનો ગાળો કપરો હતો. મેધા પાટકરનું તીવ્ર આંદોલન, યોજના માટેનાં નાણાં ઊભાં કરવા માટેનો પડકાર, જડભરત નોકરશાહીની વચ્ચે યોજનાને સડસડાટ દોડતી કરવામાં સનતભાઈની પાયાની ભૂમિકાની નોંધ ન લેવાય તો ગુજરાત નગુણું ગણાય. સનતભાઈને આ યોજના પ્રત્યે રોમૅન્ટિક લગાવ હતો. એક વાર તેમની સાથે વિરમગામથી સુરેન્દ્રનગરના રસ્તે લીલાપુર ગામ પાસે અર્ધખોદાયેલી કેનાલના નિરીક્ષણ કામે જવાનું થયું. ત્યાં એક ગાંડા બાવળના ઝાડ નીચે ચીંથરાં થઈ ગયેલી કાંણાંવાળી સાડીઓ ભેગી કરી એક ડોસો આઠ ફૂટનો જાજરમાન મંડપ રોપી તેની નીચે સનત મહેતાના માનમાં ખરા બપોરે એક ફૂટેલું ઢોલ વગાડતો હતો. નર્મદા અને સનત મહેતા માટેનો અપાર પ્રેમ આ ડોસાની આંખોમાં છલોછલ નીતરતો હતો. આ દશ્ય જોઈ સનતભાઈ પણ રાજાપાઠમાં આવી ગયા. વંચિતોના પ્રતિનિધિ અને શાસકોના પ્રતિનિધિની આ જુગલબંદી જોતાં એવું લાગે કે જાણે પાસેની કેનાલમાં નર્મદાનાં પાણી વરસોથી છલોછલ વહી રહ્યાં છે! આ રોમૅન્ટિસિઝમ નહીં તો બીજું શું?

નર્મદા યોજનામાં મંત્રી તરીકે બાબુભાઈ જ. પટેલ અને નિગમના ચૅરમેન તરીકે સનત મહેતાની સહિયારી ભૂમિકા વિશે ડંકેશભાઈએ આ પુસ્તકમાં વાત કરી જ છે, એટલે એનું પુનરાવર્તન ટાળું છું. નર્મદાના સંદર્ભે એક વાત કહેવી જરૂરી લાગે છે. સનત મહેતાએ નર્મદા છોડ્યા પછી નર્મદા બૉન્ડના મુદ્દે તેમને તત્કાલીન શાસકોએ માત્ર અને માત્ર રાજકીય રાગદ્વેષથી કાનૂની રાહે સંકટમાં મૂક્યા. તેમને આ કાનૂની લડાઈ લાંબે સુધી લડવી પડી અને છેવટે એમાંથી હેમખેમ નરવા થઈને બહાર પણ આવ્યા. સનતભાઈને ધ્રૂસકે-ધ્રૂસકે રડતાં મેં આ લડાઈ દરમિયાન એક વાર જોયા છે. તેમની નર્મદાની કર્મઠ કામગીરીના જેને અંગ્રેજીમાં 'બીલો ધ બેલ્ટ' પ્રકારનો કહી શકાય, તેવા આ હીનકક્ષાના શિરપાવે તેમને હલબલાવી મૂકેલા.

નર્મદા નિગમ છોડ્યા પછી પણ ઘણાં કામો સનતભાઈની સાથે રહીને કર્યા. શ્રમિક વિકાસ સંસ્થાનું અમદાવાદમાં તેમણે એક કેન્દ્ર ઊભું કરી આપ્યું અને તેના માધ્યમથી પંદર હજાર લાઠીબદ્ધ છતાં શિસ્તબદ્ધ અગરિયાઓની અમદાવાદ ખાતેની શાનદાર રેલીના આયોજનમાં, ભૂતપૂર્વ વડાપ્રધાન ચંદ્રશેખરના અધ્યક્ષપદે પરિવર્તન માટે ઉત્સુક એવા

દસ હજાર ગ્રામીણ યુવકોના સંમેલનનો માંડવો રોપવામાં, ભૂતપૂર્વ વડાપ્રધાન અને તે વખતના ભૂતપૂર્વ નાણાપ્રધાન મનમોહનસિંહના સાંનિધ્યમાં ગુજરાતની ગ્રામીણ શ્રમજીવી મહિલાઓના સંમેલનના સંયોજનમાં અને ઉદારીકરણ સામેના ગુજરાત સ્તરના વિશાળ ખેડૂતસંમેલનના આયોજનમાં તેમની સાથે રહી આનંદદાયક સક્રિય કામગીરી બજાવવાની તક મળી, તેને મારું સૌભાગ્ય ગણું છું.

રઝળતી માલધારી જમાત અને ઉત્તર ગુજરાતની આંજણા કોમ માટે તેમની અનેરી પ્રીત હતી. સુરેન્દ્રનગરની એક સભામાં એમણે જાહેર રીતે કહેલું કે તેમનું ચાલ્યું હોત, તો માલધારી કન્યા સાથે જીવન માંડ્યું હોત, જેથી આ રઝળપાટ કરતી આ ખડતલ કોમની મહિલાઓની પીડાનો ખુદને પણ અહેસાસ થઈ શકે.

ગ્રામીણ અને શહેરી શ્રમજીવી મહિલાઓના ઉત્કર્ષ માટે તેમણે જે ઉધામા કર્યા છે, તેની કમનસીબે સમાજે પૂરતી નોંધ લીધી નથી. મહિલા અંત્યોદય બૅંક તરફથી તેમણે ઉત્તર ગુજરાતની ગ્રામીણ શ્રમજીવી મહિલાઓને સરળ ધિરાણ આપવા મારા હવાલે રૂપિયા સાત લાખ મૂકેલા. ૭૦ જેટલી શ્રમજીવી બહેનોનાં જીવનમાં આમૂલ પરિવર્તન આ સરળ ધિરાણ દ્વારા આવ્યું.

આ અંગેનાં બે ઉદાહરણો ટાંકવાનું મન થાય છે : ભારત-પાકિસ્તાન સરહદ પર આવેલા વાવ પ્રદેશમાં કંતાનના છાપરા હેઠળ નાની-નાની ભંગારની ચીજો એકઠી કરી પેટિયું રળતાં મુસ્લિમ ગરીબ શ્રમજીવી મહિલા કમુબહેન લાલમહંમદ શેખ માટે દસ હજાર રૂપિયાનું ધિરાણ એ તે દિવસોમાં આખી રિઝર્વ બૅંક તેમના હવાલે મૂકવા સમાન હતું. સનત મહેતાના આ દસ હજારે તો કમુબહેનનું આખું જીવન પલટી નાખ્યું. આજે કમુબહેન આ વિસ્તારનાં મોટામાં મોટા ભંગારનાં વેપારી છે. મોટા-મોટા વાડામાં દુનિયાભરની ભંગારની ચીજો એકઠી કરી ખટારામાં ભરી તે શહેરોમાં વેચે છે. મોટું ઘરનું ઘર અને અનેક વાહનોના માલિત છે. એવો જ કિસ્સો દલિત કન્યા ગીતાનો છે. વાવ થરાદના પ્રખ્યાત આરીભરતના કામમાં ગીતાની હથોટી. પણ મૂડીના અભાવે ઘેરબેઠાં થોડુંક ભરતકામ કરી કુટુંબનું ગુજરાન ચલાવે. સનતભાઈના રૂપિયા દસ હજારના ધિરાણ થકી તો આજે ગીતા ભરતકામની પોતાની મોટી દુકાન ચલાવે છે અને પોતા ઉપરાંત સંખ્યાબંધ ગરીબ મહિલાઓને ભરતકામ દ્વારા સ્વમાનપૂર્વકની રોજી આપે છે. સનત મહેતાના અતિપ્રિય મિત્ર તુષાર ભટ્ટ તેમનાં આ કામો માટે એક અંગ્રેજી વાક્ય પ્રયોજતા : Micro intervention with macro perspective. આ બંને કિસ્સામાં તુષારભાઈ સાચા પુરવાર થયા છે.

આદિવાસી, ખેડૂત, કપાસ-ડુંગળી ઉત્પાદક, મજૂર, ગરીબ મહિલા, અગરિયો એ સનત મહેતાના જીવતરનો અવિભાજ્ય અંશ હતાં અને તે બેપાંદડે થાય તે માટે અનેક ઉપક્રમો પ્રયોજવામાં સનતભાઈએ કોઈ કચાશ છોડી નથી. તેમના જીવનના ઉત્તરાર્ધમાં મહુવાના નીરમા-આંદોલનમાં તેમની ભૂમિકા ઢંકાઈ જવી ન જોઈએ. આયુના સાડા આઠ દાયકા વટાવ્યા પછી આ આંદોલનને તમામ પ્રકારનો સધિયારો આપવા સનતભાઈ સૌથી મોખરે રહ્યા હતા. એ વાત સાચી કે ગૂજરાત વિદ્યાપીઠના તત્કાલીન કુલનાયક ડૉ. સુદર્શન આયંગારે આણંદ ખાતેના ઇરમાના કોઈ કાર્યક્રમમાં રાહુલ ગાંધીની મહુવા આંદોલન અંગેની પૃચ્છાના સંદર્ભે તેમને આ આંદોલનમાં ટેકો આપવા ઉદ્યુક્ત કર્યા, પણ તે પછીનો દોર સનતભાઈએ સંભાળી લીધો. રાષ્ટ્રીય ગ્રીન ટ્રિબ્યૂનલ સહિતના કાનૂની કોઠાઓ વટાવવામાં સનતભાઈની અહમ્ [મહત્ત્વની] ભૂમિકા રહી. નીરમા-આંદોલનના સંદર્ભે ભારત સરકારનાં સંબંધિત મંત્રાલયોને ઢંઢોળવામાં રાહુલ ગાંધીની પહેલથી અહમદભાઈ પટેલ અને સનત મહેતાએ અગ્રિમ ભાગ ભજવ્યો અને સ્વચ્છ પ્રતિભા ધરાવતાં અને તે વખતે ભાજપના ધારાસભ્ય હોવા છતાં તેઓ આંદોલનના નેતા ડૉ. કનુભાઈ કળસરિયાની પડખે મજબૂતપણે રહ્યા. આંદોલન લગભગ સફળ થયું અને ડૉ.કળસરિયાને એક લોકનેતા તરીકે ઉપસાવવામાં સનત મહેતા અને ચુનીભાઈ વૈદ્યનું મહત્ત્વનું યોગદાન રહ્યું. આનાથી રાહુલ ગાંધી પણ ખાસ્સા પ્રભાવિત થયા અને કૉંગ્રેસી રાજકારણમાં એક સ્વચ્છ પ્રતિભા રૂપે ગુજરાત કૉંગ્રેસના પ્રમુખ થવાનું નોતરું સામે ચાલીને ડૉ. કળસરિયાને આપ્યું. આ નોતરું રાહુલ ગાંધી વતી આપવા સનતભાઈએ મને અને ભાઈ સાગર રબારીને ૨૫ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ અડધી રાત્રે મહુવા મોકલ્યા, કમનસીબે ડૉ. કળસરિયાને આ વાત ન જામી અને વળતે અઠવાડિયે તોએ ‘આપ’વાસી થયા. રાહુલ ગાંધીની દરખાસ્તનો જો સ્વીકાર થયો હોત, તો ત્રણ દાયકાથી ઘસાઈ ગયેલી અને હિતોની પકડમાં ફસાયેલી ગુજરાત કૉંગ્રેસમાં કમ સે કમ નવી તાજગી તો આવી જ હોત.

સનત મહેતાએ એક દાયકા પહેલાં કૉંગ્રેસને વિધિવત્ રામરામ કરી દીધા હતા, પરંતુ પાછલાં વરસોમાં કૉંગ્રેસને ચેતનવંતી કરવા તેઓ ઠીકઠીક મથતા રહ્યા. તે વખતે કૉંગ્રેસના વડપણ હેઠળ યુપીએ સરકાર હતી, ત્યારે તેનો લાભ આદિવાસી ગરીબોના હિતમાં લઈ શકાય તે હેતુથી તેમની પહેલથી મેં ૨૦૧૩ના ડિસેમ્બરમાં જ જંગલ જમીનના અધિકારો માટે અહમદ પટેલ અને શંકરસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં આવા આદિવાસી ક્ષેત્રમાં ૩૫,૦૦૦ આદિવાસીઓનું ભવ્ય સંમેલન બોલાવ્યું. ત્યારે સનતભાઈ એટલા બધા ભાવવિભોર થઈ ગયા કે મને મોટેથી લગભગ ચીસ પાડીને કહેવા લાગ્યા કે “હસમુખ પટેલ, તમે આજે મારા જીવનમાં પાંચ વર્ષ વધારી આપ્યાં”

ચર્ચામાં કે વાતચીતમાં તેઓ નરેન્દ્ર મોદીના નામનો ભાગ્યે જ ઉલ્લેખ કરતા. હા, તેમના શાસન અને શાસનપ્રણાલી અંગે જાહેર રૂપે અનેક વાર જોશભેર વિરોધ કરતા. સરકારી યોજનાઓના અમલની ડિલિવરી સિસ્ટમમાં છેવાડે સરકારી કર્મચારી જ ન હોવો જોઈએ, એવી સનત મહેતાની માન્યતા મને પણ ગમે, એટલે એકવાર અમારા કેન્દ્ર પાસેના કીડોતર ગામે પ્રવેશોત્સવના જાહેર કાર્યક્રમમાં મોદી આવ્યા, ત્યારે મેં પણ સનતભાઈની આ જ વાત તેમને આગ્રહભેર જણાવી હતી. મુખ્યમંત્રીએ આ વાતનો અસ્વીકાર તો ન કર્યો, પણ ડિલિવરી સિસ્ટમ સુધારવા તેઓ પોતાની રીતે કેવી મથામણ કરે છે, તેનો ચિતાર આપ્યો. નરેન્દ્ર મોદી અને સનતભાઈ એકબીજાને નામથી ઓળખે, એ સિવાય બંને વચ્ચે ક્યારેય મુલાકાત થઈ હોવાનો ખ્યાલ નથી.

અકડુ લાગતા સનત મહેતા માટે કલા, ગીત-સંગીત એ આત્માનો ખોરાક હતો, તેની બહુ ઓછા લોકાને જાણ હશે. ત્રણ દાયકા પહેલાં રાજ્યના નાણામંત્રી હોવા છતાં વહાલી દીકરી શ્યામલીના લગ્નપ્રસંગે માટીના ઘડા ચીતરતા સનતભાઈનો ફોટો ઘણાએ જોયો હશે. મહેંદી હસન, ગુલામઅલી અને જગજીતસિંહની ગાયકીના તેઓ ભારે ચાહક. પ્રવાસમાં સતત આ ગાયકી કારના ટેપરેકૉર્ડર પર વાગ્યા કરે અને તેઓ એની લુફ્ત માણે એવી ઘટનાઓનો હું અનેક વાર સાક્ષી છું. ગાયક જગજીતસિંહને ખાસ વડોદરા તેડાવીને એક વાર તેમણે મિત્રો અને

રસિકોની ખાનગી મહેફિલ યોજ્યાનું પણ સ્મરણ છે. અચરજ થાય એવી એક વાત તે છે કે તેઓ મણિરાજ બારોટની દેહાતી ગાયકીના પણ ચાહક હતા અને કહેતાં કે તેમનું ચાલે તો મણિરાજને કન્ટ્રીસિંગર બનાવી દે.

વાંચવા-લખવાના તો સનતભાઈ શોખીન. પણ પ્રજાના વંચિત સમૂહોની વેદના અને પીડાને વાચા આપવા પરમમિત્રો દિલીપ રાણપુરા અને અરવિંદભાઈ આચાર્ય પાસે લખાવીને પુસ્તિકા પણ પ્રકાશિત કરે. એમનાં અંતરંગ વર્તુળોમાં તુષાર ભટ્ટ, જયંતી દવે, જયનારાયણ વ્યાસ, દિગંત ઓઝા, વિદ્યુત જોશી જેવા વિચારવંત લહિયા પણ ખરા. તેમાં પછીથી પ્રકાશ ન. શાહ અને ડંકેશ ઓઝા પણ ઉમેરાયા. ઇન્દુકુમાર જાની માટે એમને અનેરો ભાવ. આ સૌને નવા-નવા વિવિધ વિષયો ચીંધે અને લખાવે પણ ખરા. બૌદ્ધિક ચિંતનની ભૂમિકાએ વિવિધ ઘટનાઓ અને વિષયો પર અવારનવાર નિખાલસ આદાનપ્રદાન પણ આ મિત્રો સાથે કરવાનું તેમને ખૂબ જ ગમે. સનત મહેતાના રાજકીય મિત્રો ઘણા, પણ અંતરંગ કહી શકાય, તેમાં દાદાબાપુ (મનોહરસિંહજી જાડેજા) સિવાય કોઈ નહીં. પાછલાં વરસોમાં દાદાબાપુ સાથે સંપર્ક ઓછો થવા છતાં તેમની સાથેની જૂની મૈત્રીને અવારનવાર ચગળવાનું તેમને ગમતું. માધવસિંહ સોલંકી અને સનત મહેતાના રસના વિષયોમાં ઘણું સામ્ય હોવા છતાં બંને વચ્ચે ખાસ જામ્યું નહીં. જોકે પાછળનાં વરસોમાં માધવસિંહભાઈ માટે તેઓ ઘણા કૂણા થયેલા. બીમાર માધવસિંહભાઈની ખબર કાઢવા ગયા, ત્યારે સનતભાઈએ માધવસિંહભાઈને નિખાલસભાવે કહેલું પણ ખરું કે "આપણે બે ઝગડ્યા, તેમાં ગુજરાતનું કેટલું બધું અહિત થયું?" માધવસિંહે પણ એટલી જ નિખાલસતા અને નમ્રતાથી પીડાપૂર્વક જવાબ આપેલો કે, "સનતભાઈ, તમારી વાત સાચી છે, પણ હવે તો એટલું બગડી ચૂક્યું છે કે આપણે ભેગા થઈએ તોપણ કંઈ ફેર ન પડે."

ડંકેશભાઈના પુસ્તકમાં તેમનો માતા-પિતા પ્રત્યેનો સ્નેહાદર છલકાતો દેખાય છે. અંગત વાતચીતમાં તેઓ કહેતા પણ ખરા કે મને નાણામંત્રી તરીકે જો મારા બાપા જોઈ શક્યા હોત, તો તેમની (ભાવનગર રાજ્યના એક માસ્તરની) છાતી હરખથી ફાટી ગઈ હોત. આ પુસ્તકમાં તેમનાં સંતાનો અને પોતરાં સાથેના સંબંધોની વિગતો હોત, તો સનતભાઈનું કૌટુંબિક જીવન વધારે સારી રીતે ઉજાગર થઈ શક્યું હોત. અલબત્ત, બંને સંતાનો શીતલ-શ્યામલી અને તેમનાં પોતરાં વિશે તેઓ અંગત વાતચીતમાં ખાસ્સા ભાવપૂર્ણ થઈ જતા.

કટોકટીમાં સનત મહેતાની ભૂમિકા વિશે ડંકેશભાઈએ વિગતે લખ્યું છે. જયપ્રકાશજી માટે અપાર સ્નેહ છતાં કટોકટીના એ કાળમુખા દિવસો અંગે સનતભાઈએ સેવેલી ચૂપકીદીનો જવાબ તેમણે અમારા જેવાઓની અનેક ખણખોતર પછી પણ આપવાનું મુનાસીબ ન માન્યું તેનો વસવસો છે. બને કે ઇન્દિરા ગાંધીની ગરીબો અને ગરીબી અંગેની નિસબતથી અંજાઈને લોકશાહીના હનનને તેમણે નજરઅંદાજ કર્યું હોય. જે હોય તે, સનતભાઈને શોભે તેવી ભૂમિકા તો આ નહોતી જ નહોતી. શરદ પવાર અને તેમની નેશનાલિસ્ટ કૉંગ્રેસ સાથેનું થોડાક સમય માટેનું જોડાણ પણ ગળે ઉતરે તેવું નહોતું જ નહોતું. આ બંને રાજકીય વ્યક્તિત્વ બે છેડાના હોવા છતાં, ટૂંકા તો ટૂંકા પણ બંને વચ્ચેના જોડાણનો કોઈ તર્ક સમજાય તેવો નથી. સનતભાઈ નખશિખ રચના જણ હોવા છતાં જમીની સમાજવાદીઓ કે ગાંધી-સર્વોદયના સેવકોની સાદગી સાથે તેમનો કોઈ મેળ નહોતો. તમામ પ્રકારની ઉત્તમ ચીજોની તેમની ચાહના તેમના વ્યક્તિત્વમાં ખાસ્સી એવી બોલકી હતી.

ડંકેશભાઈએ સનત મહેતાની આસ્તિકતા-નાસ્તિકતાની ચર્ચા પણ પુસ્તકમાં ક્યાંક છેડી છે. દેખીતી રીતે રોજબરોજના વ્યવહારોમાં તે નાસ્તિક જ લાગે પણ ચોટીલા પાસેના કાઠીઓના ધર્મસ્થાન સૂરજદેવળમાં મિત્ર રામકુભાઈ ખાચરે સનતભાઈના કોઈ એક જન્મદિને પ્રયોજેલી એક પૂજાવિધિમાં તેમણે હોંશભેર ભાગ લીધેલો તેના તુષાર ભટ્ટ સહિત અમે સૌ સાક્ષી હતા. આને શું કહેવાય? આસ્તિક કે નાસ્તિક સનત મહેતા?

ગઈ સદીના છેલ્લા દાયકામાં સ્વાધ્યાય પરિવારની સમાજલક્ષી પ્રાયોજનાઓથી સનતભાઈ ખાસ્સા આકર્ષાયેલા અને કહેતા પણ ખરા કે "આ પ્રવૃત્તિઓ જોઈ તેમાં જોડાઈ જવાનું મન થાય છે." જોકે ન જોડાયા તે સારું જ થયું. એવું જ ખેંચાણ મોરારિબાપુ માટે પણ થયું. એમાં બને કે ડંકેશભાઈની ભૂમિકા હોય. જે હોય તે, એકાદ વાર મોરારિબાપુના અસ્મિતા પર્વમાં ભાગ લીધા પછી તેઓ મોરારિબાપુના પણ ચાહક બનેલા. રૂઢ અર્થમાં સનતભાઈને ધાર્મિક કે આધ્યાત્મિક ન ગણી શકાય. પરંતુ ચેતનાના સ્તરે રૂમી, જિબ્રાન, ટાગોર કે રજનીશ માટે તેમને અપાર ચાહ હતી. તેઓ તેમની બૌદ્ધિક ભૂખ ભાંગવા ગાંધી, ટૉલ્સ્ટોય, લેનિન, માઓ, ટોફલર જેવાઓના દરવાજે વારંવાર દસ્તક દઈ આવતા.

ગુજરાતનું જાહેર જીવન એ વાતે રળિયાત છે કે સનત મહેતા જેવા બહુઆયામી દિગ્ગજ આગેવાનની સેવાઓ એ પામી શક્યું છે, અને રુગ્ણ પણ એટલું જ છે કે એમના વ્યક્તિત્વનો થવો જોઈએ તો ઉપયોગ તે કહી શક્યું નથી. અધિકારી છતાં તેમનાં જીવનકવનનાં પૂરતાં ઓવારણાં લઈ શકાયાં નથી તેનો મારા જેવાને ખટકો પણ છે. આની એકંદરે ખોટ તો ગુજરાતની ગરીબ પ્રજાના ચોપડે જ ઉધરશે.

છેલ્લે એટલું કહી શકાય કે Mehta was an island in the ocean of mediocrity. આ પુસ્તક દ્વારા સનતભાઈની છબીને ડંકેશ ઓઝાએ સાંગોપાંગ કંડારી આપી તે બદલ હૃદયાત્ રાજીપો.

તા. ૪ એપ્રિલ, ૨૦૧૭ — સંવેદના-સર્વોદય પરિસર, વીરમપુર

## સંમેલન

**પ્રિય નિસબતી સાથી,**

આપણા રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી મહિલાઓ સાથેના સામૂહિક દુષ્કર્મના કિસ્સાઓ વધી રહ્યા છે. વળી, નોંધપાત્ર કિસ્સાઓમાં આ દુષ્કર્મીઓને શાસકપક્ષની છત્રછાયા મળી રહી છે. ગુજરાતમાં મહિલાઓની સુરક્ષા સલામતીના સંદર્ભમાં જે ગુલાબી ચિત્ર દોરવામાં આવે છે તેનો રંગ ઘણો કાળો પડતો જાય છે. આવા કિસ્સાઓમાં આપણે સાથે મળીને ન્યાય માટેની માગ કરતાં હોઈએ છીએ-અવાજ ઊઠાવીએ છીએ, પરંતુ ઘણી વાર ન્યાયની માગને રાજકીય રીતે ગુંચવી નાંખવામાં આવે છે. એટલું જ નહીં, ન્યાયની માંગને-અવાજને ગૂંગળાવાના ભરચક પ્રયત્નો થાય છે. મહિલાઓને થતા આ અન્યાય-અત્યાચાર-શોષણના વિવિધ પાસાંઓની ચર્ચા અને તે સંદર્ભમાં આપણાં બધાંની સર્વગ્રાહી સક્રિયતા વિશે વિચારણા કરવા એક સંમેલનનું આયોજન કર્યું છે. આપને, આપની સંસ્થાના દરેક જિલ્લાના પાંચ પ્રતિનિધિઓ સાથે આ સંમેલનમાં જોડાવા માટે હાર્દિક વિનંતી છે.

**તા. ૨૨ એપ્રિલ, ૨૦૧૭, શનિવાર • સમય : સવારે ૧૧:૩૦ કલાકે**

**સ્થળ : અવાજકુંજ, ભૂદરપુરા, આંબાવાડી, અમદાવાદ**

**ડૉ. ઝરણા પાઠક** — **ડૉ. મીનાક્ષી જોષી**

**મો. ૯૯૧૩૧ ७६६०७** — **મો. ૯૪૨૭૩ ૦૮૫૨૦**

**નલિયા ઘટના સાથે નિસબત ધરાવતા નાગરિક મંચ વતી**

તા.ક. આપના આવવાની, કેટલા પ્રતિનિધિઓ સાથે આવો છો તેની જાણ અગાઉથી શિલ્પાબહેન મણિયાર (મો. ૯૮૯૮૩ ૨૦૪૦૧)ને કરવા વિનંતી. જેથી ભોજનના આયોજનની અનુકૂળતા કરી શકાય.

# ઉત્તરપ્રદેશનાં અણધાર્યાં પરિણામો/રવીન્દ્ર ન. વેપારી

**ઉત્તરપ્રદેશની** વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ આટલી બધી બેઠકો જીતશે, એવો કોઈ પણ વર્તારો ન હતો. કદાચ પોતે આવી જીત મેળવશે, એવી ભાજપની પોતાની પણ ધારણા ન હોય.

ઉત્તરપ્રદેશના ચતુષ્પક્ષીય માળખામાં કૉંગ્રેસ અને સમાજવાદી પક્ષોએ ગઠબંધન કર્યું હતું અને સમાજવાદી પક્ષના નેતા અને તત્કાલીન મુખ્યપ્રધાન, જે લોકપ્રિય ગણાતા હતા તેમણે અને કૉંગ્રેસ ઉપપ્રમુખ રાહુલ ગાંધી, બેઉએ મળી સમગ્ર રાજ્યમાં અનેક સંયુક્ત રેલીઓ કાઢી હતી. ઉપરાંત મુસ્લિમ મતોનું પ્રમાણ બીજાં રાજ્યો કરતાં વધારે હતું અને બિહાર જેવું પરિણામ આવશે, એવી પણ ગણતરી હતી. આ પશ્ચાદ્‌ભૂમિકામાં ભાજપને આટલી બધી બેઠકો મળશે, એવી કોઈએ કલ્પના કરેલી નહીં. બીજું, નોટોનું ડીમોનેટાઇઝેશન પણ ભાજપ માટે પ્રતિકૂળ ગણાશે. એવું માનવામાં આવેલું.

પરંતુ માત્ર જ્ઞાતિઓના ટકા પર જ ગણતરી આધારિત હતી તેથી આમ બન્યું. જ્ઞાતિઓનો ઉત્તરપ્રદેશ જેવા રાજ્યમાં રાજકારણમાં ઘણો જ પ્રભાવ છે, એ નિર્વિવાદ છે, પરંતુ તેની અસર પહેલા જેટલી રહી નથી અને યાદવો, દલિતો, મુસ્લિમો એકજૂથે મતદાન કરશે, એ માન્યતા પણ ખોટી પડી.

અમિત શાહે ઉત્તરપ્રદેશના મતદારોનું જે પૃથક્કરણ કર્યું અને તે પ્રમાણે સ્ટ્રેટેજી ગોઠવી, એ પણ એક અગત્યનું પરિબળ હતું, પરંતુ જે ચાર બીમાર રાજ્યો, ઉત્તરપ્રદેશ, બિહાર, રાજસ્થાન અને મધ્યપ્રદેશ ગણાતાં હતાં તેમાં બીજાં ત્રણ રાજ્યોએ કાઠું કાઢેલું, જ્યારે ઉત્તરપ્રદેશના રાજકીય પક્ષોએ માત્ર જ્ઞાતિના ગણિત પર મદાર રાખ્યો. ઉત્તરપ્રદેશમાં ઊડીને આંખે વળગે એવો કોઈ પ્રોજેક્ટ ન હતો અને તેથી જ અખિલેશ યાદવ ઉત્તરપ્રદેશના એકમાત્ર પ્રોજેક્ટ લખનૌ-આગ્રા હાઈવે પર ઘડી-ઘડી ધ્યાન દોરતા હતા.

આ રાજ્યમાં વીજળીની ચોરી, લાંચિયા રાજકારણીઓ, તૂટી રહેલું ઇન્ફ્રાસ્ટ્રક્ચર, રાજ્યના ખાલી ખજાનાઓ અને અત્યંત ઊંડી ગરીબી રાજ્યની તાસીર બની રહી. ઉત્તરપ્રદેશની ૩૦ ટકા વસ્તી ગરીબીરેખા નીચે જીવે છે. સમગ્ર ભારતની આટલી વ્યક્તિઓ ગરીબીરેખા નીચે ગયા દસકામાં હતી. રાજ્યનો વિકાસદર માત્ર પાંચ ટકાથી છ ટકા હતો અને સાક્ષરતાદર ૬૭ ટકા હતો, જે સમગ્ર ભારતમાં ૨૦૦૧માં હતો. ઉત્તરપ્રદેશની ગરીબ પ્રજા માટે સ્થાનિક પક્ષો અને કૉંગ્રેસ તરફથી આ માટે કોઈ આશ્વાસન ન હતું. એક વારનાં સમાન પછાત પાડોશી રાજ્યો રાજસ્થાન અને મધ્યપ્રદેશ આ બધામાં ઘણા આગળ નીકળી ગયાં હતાં. રોજગારી માટે વલખાં મારતી ત્યાંનો પ્રજાનો એક ભાગ સમગ્ર ભારતમાં નોકરી કરતો હતો અને બીજાં રાજ્યોમાં શું થઈ રહ્યું છે, તેનો ખ્યાલ તેમના ભાઈઓને આપતો હતો. આથી જ હાથીનાં પૂતળાં તૈયાર કરવા બહુજનસમાજ પક્ષ કે માત્ર ધર્મ અને જાતિનાં સમીકરણોમાં માનતો સમાજવાદી પક્ષ કે મૃતપ્રાય કૉંગ્રેસ તેમને કોઈ આશા અપાવી શકતો ન હતો.

જુદાં-જુદાં રાજ્યોમાં દિગ્વિજયની અદાથી આવેલો ભાજપા એકમાત્ર તરણું દેખાયું. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં આપેલાં અનેક વચનો ભાજપ પરિપૂર્ણ કરી શક્યો ન હતો અને તેના પર બીજા પક્ષોએ મતદારોનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું, પરંતુ તે છતાંએ આજ પક્ષ એટલે કે ભાજપ ગરીબી દૂર કરવામાં અને ચોખ્ખો વહીવટ આપવા પ્રતિબદ્ધ છે, એવી પણ લાગણી જન્મેલી. નોટબંધીના પ્રશ્નને એવી રીતે ઉછાળવામાં આવેલો કે તે ગરીબોની વિરુદ્ધ છે પણ ગરીબોને એવું લાગેલું નહીં. રાષ્ટ્રની ૭૫ ટકા વસ્તીએ કદાચ એક હજારની નોટ પણ જોઈ ન હતી. નોટો માટે લાઇનમાં ઊભેલા મોટે ભાગે ગરીબ ન હતા અને તેઓ પણ માનતા હતા કે આ પગલું ધનાઢ્ય વર્ગને જ અસર કરે છે. નોટબંધી વિરુદ્ધ રાજકીય પક્ષોએ ગોબેલ્સની જેમ પ્રચાર કર્યો અને કેટલાક ઉદારમતવાદી સાહિત્યમાં તેનાં પર અસંબદ્ધ કાવ્યો અને ઠઠ્ઠાચિત્રો પણ થયાં પણ ઉત્તરપ્રદેશ સહિત સમગ્ર રાષ્ટ્રના ગરીબોને પણ હકીકત ખબર હતી અને તે પરિબળ પણ ભાજપની તરફેણમાં આવ્યું.

ટ્રીપલ તલ્લાક એ મોટા ભાગની અભણ મુસ્લિમ સ્ત્રીઓનો અગત્યનો પ્રશ્ન હતો. ભાજપાએ આ બાબતમાં સ્પષ્ટ વલણ દાખવ્યું અને મુસ્લિમ સ્ત્રીઓ અને ઉદારમતવાદી મુસ્લિમોનો એક ભાગ તેના તરફ ઢળ્યો. મુસ્લિમોની લાગણી દુભાશે, એ ભયથી બીજા પક્ષોએ આ અંગે ચુપકીદી સેવી અને સ્પષ્ટ રીતે પોતાનો મત ન આપ્યો.

આવાં અનેકવિધ પરિબળો ભાજપાની તરફેણમાં હતાં અને આ પ્રકારનો વિજય પ્રાપ્ત કર્યો. ગરીબો માટેની અનેકવિધ યોજનાઓને અમલમાં આણી તેમના મત પણ ભાજપ ખેંચી શક્યો હતો.

E-mail : vepari@youtele.com

## કવિ જગદીપ વિરાણી શતાબ્દી નિમિત્તે/અજય પાઠક

**તા.** ૨-૪-૨૦૧૭, રવિવાર સાંજે ૬ કલાકે અહિચ્છત્ર સંસ્કારકેન્દ્ર તથા જગદીપ વિરાણી ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે 'સાતકલા' ભાવનગરના સ્થાપનાદિન નિમિત્તે 'વિરાટના પગથારે' કાર્યક્રમ—મણકો-૨ યોજાયો. કવિ જગદીપ વિરાણીનું શતાબ્દીવર્ષ ચાલે છે. કવિ વિનોદ જોશીના સહકારથી જયદીપ વિરાણીનાં ૩૦૦ જેટલાં ગીતકાવ્યોમાંથી ૬૦ રચનાનું સંપાદન પ્રગટ થયું છે. આજના પ્રસંગે જગદીપભાઈનાં ચિત્રો પૈકી સાત ચિત્રોનું પ્રદર્શન થયું હતું. જાણીતા ચિત્ર - મર્મજ્ઞ, સંશોધક/લેખક ઉષાકાંત મહેતાએ 'સપ્તકલા'ના, જગદીપભાઈ પ્રથમ વિદ્યાર્થી (ચિત્ર) તરીકે સપ્તકલાની સ્થાપના અંગે મહત્ત્વની વાતો કરી. કલાગુરુ રવિશંકર રાવળના હસ્તે સપ્તકલાની સ્થાપના થઈ હતી, તે યાદ કર્યું. સંચાલન કરનાર ભરત પંડ્યાએ ઉષાકાંતની પછીના તરતના ૧૯૫૩ના જગદીપભાઈના સંગીત વિષયના મહત્ત્વના વિદ્યાર્થીઓને યાદ કર્યા, જેમાંના મોટા ભાગના સદ્‌ગત છે. પછીથી ગુજરાતમાં/અમદાવાદમાં 'સાતકલા'નો પ્રભાવક પરિચય થયો તે 'ટાઉનહૉલ'માં ૧૯૬૯માં થયેલા 'વિસરાતા સૂર' કાર્યક્રમનાં ગીતોની પસંદગી અને અન્ય સુરુચિપૂર્ણ કંટ્રોલ કરનાર સદ્‌ગત હસમુખ વિરાણી (વિલિયમભાઈ)ને યાદ કર્યા, ભાર્ગવ પંડ્યા (સંગીતસંયોજન)ને યાદ કર્યા. ૧૯૬૯માં જે ૧૩ વર્ષનો પ્રદીપ ભટ્ટ તબલાંસંગતમાં સૌનું ધ્યાન ખેંચી ગયો હતો તે આજના સ્મૃતિવંદના કાર્યક્રમમાં તબલાંસંગત કરતો હતો તે જોવું મારા જેવા બંને પ્રસંગે હાજર ભાવકને વધુ ઉલ્લાસિત બનાવનારું હતું. જયશ્રીકાંત વિરાણી (નેનીભાઈ)ને પણ બે-પાંચ વાક્યમાં સ્મૃતિ-અંજલી અપાઈ. નેનીભાઈની રચના જગદીપભાઈના નામે ભૂલથી રજૂઆત પામે તેવી ભૂલનું સ્મરણ કરાયું. એક પારિવારિક માહોલમાં જૂની-નવી પેઢી સમાન આનંદથી, ઉત્સાહથી નહિ વિસરાતા કવિ, કલાકારને આ રીતે પ્રસંગો યોજીને યાદ કરે છે. તેમાં ભાવનગરની સંસ્કૃતિની સાર્થકતા મહેસૂસ થાય છે. આનંદ. ભાવનગર

# પ્રોફેસર આર.એલ. રાવલ : થોડું અંગત, ઝાઝું વિષયગત/અરુણ વાઘેલા

**ગુજરાત** યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગના પૂર્વ અધ્યક્ષ પ્રોફેસર રવિકાન્ત એલ. રાવલનું તાજેતરમાં અવસાન થયું. રાવલસાહેબ તરીકે તેમની ઓળખ. તેમનું નામ સાવ અજાણ્યું તો નહીં પણ એમના વ્યવસાયી સંબંધો ઘણાં મર્યાદિત, સાથે નક્કર પણ ખરા.

સને ૧૯૯૧માં ગુજરાત યુનિ.ના ઇતિહાસ વિભાગમાં હું દાખલ થયા, ત્યારે વિભાગ રાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ ધરાવતો હતો. અમારો પ્રથમ વર્ગ ૧૨ જુલાઈએ ૧૨ વાગ્યે અને ૧૨ નંબરના વર્ગખંડમાં શરૂ થયો. પ્રથમ તાસમાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓની ઓળખવિધિ થઈ. એક અધ્યાપક સિવાય, અમે તેમના પરિચયનો આગ્રહ રાખ્યો. તેઓ બોલ્યા હું આર. એલ. રાવલ' (ડૉક્ટર-પ્રોફેસર-વિભાગીય અધ્યક્ષ જેવાં પૂંછડાંઓ વગર) આ પ્રોફેસર આર. એલ. રાવલનો પ્રથમ પરિચય અને દર્શન. પછી તો તેમની નિવૃત્તિ પહેલાંનાં બે વર્ષનો ઇતિહાસજ્ઞાનલાભ મળતો રહ્યો. રાવલસાહેબ આંતરરાષ્ટ્રીય સંબંધો, યુરોપીય રાજનીતિ, ગુજરાતમાં સામાજિક પરિવર્તન અને સમાજસુધારાના ઇતિહાસના નિષ્ણાત. નાની ચબરખીમાં થોડા મુદ્દાઓને આધારે એક-બે કલાક સુધી આ બધાં વિષયો પર ચર્ચા કરે. ઉનાળાનો દાહાડો હોય, વર્ગબહાર ધોમધખતો હોય તે સ્થિતિમાં રાવલસાહેબના જ્ઞાનવિસ્ફોટ સામે બહુ ઓછા વિદ્યાર્થીઓ ઝીંક ઝીલી શકતા. કેટલાક વિદ્યાર્થીઓ સાહેબ બૉર્ડ પર કંઈક લખવા રહે તેટલા સમયમાં તો પાછલા બારણેથી અલોપ થઈ જતા, તો કેટલાક વામકુક્ષીમાં સરી પડતા. તેમના તરફ ધ્યાન જતાં રાવલસાહેબ કહેતાં 'મોં પર પાણી છાંટવું હોય, તો છાંટતાં આવો.' અધ્યાપક બન્યા પછી એમની રજૂઆતશૈલી વિશે હું મજાકમાં કહેતો કે 'સાહેબ, તમને સાંભળવાની બહુ મજા આવે છે પણ તમે સમજાતા નથી.' 'હું તમને સમજાવી તો શકું છું ને?' આ વાક્ય તેમનું તકિયાકલામ હતું.

આર્નોલ્ડ ટૉયન્બી (ઇતિહાસના અભ્યાસના રચયિતા)નો રાવલસાહેબ પર ગાઢ પ્રભાવ. મુંબઈ યુનિ.ના ઉપક્રમે ૭૦ના દાયકામાં ટૉયન્બીનું વ્યાખ્યાન યોજાયેલું, તે સાંભળવા ઠેઠ મુંબઈ ગયેલાં. પાછા કહે પણ ખરાં કે એ ઉંમરે ભાષણમાં સમજાય તો શું પણ ટૉયન્બીને જોયાનો આનંદ ! ટૉયન્બીનો ફોટો પર્સમાં રાખતા હોવાનું પણ તેઓ કહેતા.

રાવલસાહેબને ઓળખતા સહુ કોઈ એકીઅવાજે કહેશે, 'રાવલસાહેબ એટલે ધીરગંભીર, પ્રામાણિક, કાર્યદક્ષ. ટૂંકમાં, એક સારા માણસ માટે જેટલાં વિશેષણો વાપરીએ, તેટલાંના રાવળસાહેબ પણ હક્કદાર. જાહેરમાં અંતર્મુખી, ઓછાબોલા લાગતા આર.એલ. રાવલ તેમના અંતરંગ વર્તુળમાં વસંતની જેમ ખીલતા. સેન્સ ઑફ હ્યુમર પણ ઉચ્ચ દરજ્જાની. એનો એક નમૂનો : ૧૯૯૨-૧૯૯૩માં રાવલસાહેબ ઇતિહાસ વિભાગના અધ્યક્ષ, એ દિવસોમાં શિષ્યવૃત્તિવાંચ્છુ વિદ્યાર્થીઓએ તેના આવક અને જાતિના દસ્તાવેજોની ચકાસણી માટે વિભાગીય વડાને મળવું પડે. એ દિવસોમાં લક્ઝરી ગણાય તેવા ૮૦૦ રૂપિયાના મોંઘાદાટ બૂટ પહેરેલો એક વિદ્યાર્થી વાર્ષિક ૮૦૦૦ રૂપિયાની આવકના દાખલા સાથે રાવલસાહેબને ચકાસણી અર્થે મળ્યો. તેના બૂટ સામે જોઈ રાવલસાહેબ મરક મરક હસતાં બોલ્યા, 'ભાઈ, રોજ ચા-પાણી તો કરો છો ને?'

એ સમયે અધ્યાપકો સાથે બેસી મોજથી ટી-ક્લબમાં જ્ઞાનવિજ્ઞાનની ચર્ચા કરી શકતા. એક વિભાગમાં બધા અધ્યાપકો એકસરખી વિચારસરણીવાળા ન હોય, ઇતિહાસ વિભાગમાં પણ એવો વિરોધાભાસ ખરો! પણ રાવલસાહેબ એટલે, ખરા અર્થમાં 'સૌનો સાથ, સૌનો વિકાસ'.

રાવલ સાહેબ કાયમ ટાપટીપ, ભપકાદાર કાર્યક્રમો, વ્યક્તિગત માન-સન્માનોથી જોજનો દૂર રહ્યાં.

૧૯૯૩માં સાહેબ સેવાનિવૃત્ત થયા. અમે વિદ્યાર્થીઓએ તેમના વિદાયમાનનું વિચારેલું, પણ તે તો ગાંઠે જ શાના? છેવટે અમને રાજી રાખવા છેલ્લા દિવસે એક નાનકડો બૂકે સ્વીકારી તરત જ સન્માન કરનાર વિદ્યાર્થીને બૂકે પરત કરી ચાલતી પકડી. તેમના જવા સાથે મને ઇતિહાસ વિભાગમાંથી નમ્રતા, પ્રામાણિકતા, કાર્યદક્ષતાનો મોટો હિસ્સો જતો હોય તેવું લાગેલું. ૧૯૬૯માં ઇતિહાસ વિભાગમાં જોડાયેલા રાવલસાહેબ ૨૪ વર્ષ સુધી (૧૯૬૯-૧૯૯૩) કાર્યરત રહ્યા હતા.

હવે તેમની વિદ્યાકીય-સંશોધન તરફની પ્રતિબદ્ધતાની વાત. તેમણે ઝાઝું લખ્યું નથી, પણ જેટલું લખ્યું એ નક્કર અને સુદૃઢ. 'Socio religious Reform Movements in Gujarat during the Nineteenth Century (Sess Publication, Delhi, 1984)' અને આંતરરાષ્ટ્રીય સંબંધો ભાગ-૧ (ગુજરાત યુનિવર્સિટી, ગ્રંથનિર્માણ બૉર્ડ, અમદાવાદ, ૧૯૭૩) અને વીસથી વધુ નહીં તેટલા લેખો Indian Historical Quarterly સામીપ્ય, વિદ્યાપીઠ, અર્થાત્, પથિક વગેરે સામયિકોમાં તેમણે લખ્યા છે. અંગ્રેજી પુસ્તક તેમના પીએચ.ડી. શોધનિબંધનું સંવર્ધિત સ્વરૂપ છે. જ્યારે ગુજરાતના ઇતિહાસકારો (?) શિલ્પ, સ્થાપત્ય, મંદિરોના ગવાક્ષ અને મસ્જિદોની મિનારા તથા રાજા-રજવાડાંઓના ઇતિહાસલેખનમાં મસ્ત હતા, ત્યારે તેમણે આ નવતર સંશોધનક્ષેત્રમાં યોગદાન આપેલું. પણ પુસ્તક અંગ્રેજીમાં હોવાથી ગુજરાતના ઇતિહાસલેખનમાં તેની વિશેષ નોંધ લેવાઈ નથી. આ લખનારની દૃષ્ટિએ અખિલ ભારત સ્તરના સામાજિક ઇતિહાસલેખનમાં સ્થાન પામે તે બરનું આ પુસ્તક છે (કોઈ પ્રકાશક કે સંસ્થાએ તેના બહોળા વાચન હેતુસર તેના ગુજરાતી અનુવાદનું બીડું ઝડપવા જેવું છે.) તો આંતરરાષ્ટ્રીય સંબંધો ભાગ-૧ ઇતિહાસ અને રાજ્યશાસ્ત્રના વિદ્યાર્થીઓ-અધ્યાપકોને ખાસ્સું ખપમાં લાગ્યું છે. ઉપરાંત ૧૯મા સૈકામાં સમાજપરિવર્તન અને ગોવર્ધનરામ ત્રિપાઠી વિશે સ્તરીય લેખો લખ્યા છે. આ બધાં એક થીમ પર હોવાથી સ્વતંત્ર પુસ્તક થાય તેટલાં છે. છેલ્લે 'પથિક' સામયિકમાં 'સ્થળકાળના પિંજરમાંથી' શીર્ષક તળે પોતાના ઇતિહાસ સંશોધનની કેફિયત પણ આપેલી. આવું નક્કર અને દિશાસૂચક લેખન એમનું રહ્યું.

નિવૃત્તિ પછી તેઓ સેમિનારો વગેરેમાં જવાનું પણ ટાળતા. તેમના ઇતિહાસદર્શન અને આજના ઇતિહાસવાળાની જમાત વચ્ચે રહેલી ઊંડી ખાઈ તેના માટે જવાબદાર હોઈ શકે ! તેમનાં શોધપત્રો, વ્યાખ્યાનોમાં એક વાત અવશ્ય કહેતા કે 'વ્યક્તિનો 'સ્વ' સાથેનો સંબંધ, વ્યક્તિનો 'સમાજ' સાથેનો સંબંધ, અને વ્યક્તિનો 'પ્રકૃતિ' સાથેનો સંબંધ અને આ પારસ્પરિક સંબંધો અને સમય અને સ્થાન પરિપ્રેક્ષ્યમાં ઇતિહાસનું નિર્માણ થાય છે. તેઓ ઇતિહાસને સમાજવિજ્ઞાન અને એથી વધુ માનવવિદ્યાના સંદર્ભે જોઈ-તપાસી બોલી અને લખી શકતા. અને એ સંદર્ભમાં તેઓ ગુજરાતના ઇતિહાસના અધ્યાપકોમાં બિનહરીફ હતા.

આપણે તેમને ‘ફિલોસૉફર હિસ્ટોરિયન’ની કક્ષામાં મૂકી શકીએ. રાવલસાહેબ દુર્બોધ પણ ખાસ્સા, અક્ષયકુમાર દેસાઈની હરીફાઈમાં ઊતરે એવા, પણ એનું કારણ ઉપર કહ્યું તે.

શુદ્ધ ઇતિહાસ (?)ના સેમિનારોમાં જતાં કતરાતા રાવલસાહેબ આંતરશાસ્ત્રીય પરિસંવાદો, વ્યાખ્યાનોમાં અચૂક હાજર રહે. બસમાં અથડાતા-કુટાતા સાહિત્ય પરિષદ, એલ.ડી. ઇન્ડોલૉજી, વિશ્વકોષભવન, ગુજરાત વિદ્યાસભા, એએમએમાં આવે. મને એમની ચાલવાની સ્ટાઇલ પણ બેહદ પસંદ હતી. અનુસ્નાતક કક્ષાની કૉલેજ, હૉસ્ટેલ આગળ રાવલસાહેબને ચાલતા જોયાં છે. એકધારું ખાસ્સું નીચું જોઈ ચાલ્યા પછી થોડીક જ વાર માટે માથું ઊંચું કરે, રાવલસાહેબને ખરા અર્થમાં ઓળખનારા એકીઅવાજે કહેશે, તેમણે કાયમ નીચી મૂંડીએ જ કામ કર્યું છે. અત્યારે આ લખી રહ્યો છું, ત્યારે દૃષ્ટિસમક્ષ રસ્તે ચાલતાં રાવલસાહેબ તરવરે છે, થાય છે કે બોલાવું....

E-mail : arun.tribalhistory@gmail.com



# ગુજરાતી સાહિત્ય અકાદમીની ચાળીસી / વિપુલ કલ્યાણી

*ગતાંકથી ચાલુ.....*

**નટુભાઈ સી. પટેલ** (જન્મ : ૧૮ મે, ૧૯૨૭) : મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા પ્રાધ્યાપક દીપકભાઈ રાવલ જેમને ગુજરાતી રંગભૂમિના પિતામહ ગણે છે, તે નટુભાઈ ચતુરભાઈ પટેલ અંગેના એક લેખમાં દીપકભાઈ જણાવે છે, ‘ઇંગ્લૅન્ડમાં કળાક્ષેત્રનો વિચાર કરીએ છીએ ત્યારે નટુભાઈ પટેલ પ્રત્યક્ષ થાય છે. ઊંચો, પાતળો દેહ. આંખે ચશ્માં, પણ એમાંથી દેખાતી કીકીઓમાં છલકાતો સ્નેહ વાંચી શકાય. આત્મવિશ્વાસ કૂટીકૂટીને ભરેલો. ...વરસની વયે પણ ટટ્ટાર ચાલે છે. નવી નવી યોજનાઓ બનાવે છે. અને તેને સાકાર કરવા પ્રયત્નશીલ રહે છે. જીવનમાં બહુ ચડતી-પડતી જોઈ છે. છતાંય જીવનવ્યવહારમાં કડવાશ આવી નથી. અનેક લોકોને મદદરૂપ થાય અને વાતોમાં જરાય દેખાડો ન કરે. મિત્રો માટે તો મરી જાય....’

પૂર્વ આફ્રિકાના યુગાન્ડામાં જ શું, મુંબઈ સમેતના તળગુજરાતમાં, તેમ અહીં લંડનમાં, ત્યાં પોર્ટુગલમાં પણ લલિતકળાના પરચમને નટુભાઈએ પૂરી કાઠીએ લહેરાવતો રાખ્યો. નાટક, નૃત્ય, નૃત્યનાટિકા, સંગીતને, ‘કલાપી’-શી ગુજરાતી ફિલ્મને પણ એમણે સદાય જીવતદાન તો આપ્યું પણ જોડાજોડ તે દરેકને સારુ આત્મવિશ્વાસ જાગૃત થાય તે સારુ ખળું પણ તૈયાર કરી જ આપ્યું. ગુજરાતી સાહિત્ય અકાદમીના આરંભકાળથી, એક અગત્યના હામી રહેનાર નટુભાઈએ અકાદમીનાં કામોમાં સામેલગીરી કરી છે અને ટૂંકા પડીએ, ત્યારે અડખેપડખે રહીને હૂંફટેકો દીધા કર્યો છે.

નટુભાઈ અબીહાલ ભારત છે. ઉનાળો બેસતા લગી તે અહીં આવે તે વેળા એમના સન્માનનો ઉચિત અવસર યોજવાનો અકાદમીએ નિર્ધાર કર્યો છે. તેની વિગતો હવે પછી...

**જગદીશભાઈ દવે** (જન્મ : ૧૮ નવેમ્બર ૧૯૨૯) : ‘અનોખા ભાષાશાસ્ત્રી’ તરીકે જેમની નામના છે એ જગદીશભાઈ દવે અને ગુજરાતી સાહિત્ય અકાદમીનો ઘનિષ્ઠ નાતો ત્રણ દાયકા ઉપરાંતના પટે પથરાયો છે અને તેમાંથી વિવિધ ભાષા સાહિત્ય અધિવેશનો, પ્રકાશનો, પાઠ્યપુસ્તકો, શિક્ષક તાલીમ-શિબિરો, પરીક્ષાતંત્રનો વહીવટ સતત ડોકાયા કરે.

જયન્તભાઈ પંડ્યાએ નોંધ્યું છે, ‘લંડનના વસવાટ દરમિયાન જગદીશભાઈએ સાહિત્ય-સંશોધનનાં કામો કર્યાં છે. ‘સોશિયો-લિંગ્વિસ્ટિક સ્ટડી ઑવ્ ગુજરાતી ઇન ધ યુ.કે.’ નામે એમની સ્વતંત્ર સંશોધનકૃતિ છે. બ્રિટનમાં અને પરદેશમાં ગુજરાતી ભાષાશિક્ષણના કેટલાક સવાલો વિશે તેમણે અભ્યાસલેખો લખ્યા છે. એમનું નોંધપાત્ર કામ ભાષાશાસ્ત્ર અને ભાષાશિક્ષણ માટે કક્ષા પ્રમાણેનાં પુસ્તકો આપવાનું છે. આ શ્રેણીમાં એમણે વિલાયતની ‘ગુજરાતી સાહિત્ય અકાદમી’નાં પાઠ્યપુસ્તકો ‘અક્ષરમાળા’, ‘ગુજરાતી ભાષાપ્રવેશ ભાગ ૧થી ૪, શિક્ષકો માટે ‘સેતુ’ ...જેવાં પુસ્તકોની મદદથી કોઈ પણ વ્યક્તિ ગુજરાતી શીખી શકે, એવી ડૉ. જગદીશ દવેને પ્રતીતિ છે.’

અકાદમીના કાર્યવાહક તરીકે પણ જગદીશભાઈએ એક અરસા સુધી સેવાઓ આપી છે. વળી, એમને નામે અનેક પુસ્તકો છે. મરાઠી-ગુજરાતી નાટકોનો તુલનાત્મક અભ્યાસ એમને ડૉક્ટરેટની પદવી આપે છે. તદુપરાંત, એમણે કવિતાઓ આપી છે.

જગદીશભાઈ દવેનું આ સન્માન એટલે અકાદમીના પરિસરમાંના દરેક કવિલેખકનુંય સન્માન.

શનિવાર, ૧૮ નવેમ્બર, ૨૦૧૭ના દિવસે, મહાનગર લંડનના ઉપનગર વૅમ્બલીમાં આવ્યા ‘માન્ધાતા યૂથ ઍન્ડ કમ્યુનિટી ઍસોસિયેસન’ના પરિસરમાં, બપોરે ઠીક બે વાગ્યાથી, અકાદમી હેઠળ જગદીશભાઈ દવેનું જાહેર ઉચિત સન્માન કરવાનું ઠેરવાયું છે. આ સભાખંડનું સરનામું છે : 20A Rosemead Avenue, WEMBLEY, Middlesex HA9 7EE.

આ અવસરે યુનાઇટેડ કિંગ્ડમમાંના કવિલેખકો ઉમળકાભેર હાજર રહે તેવા અકાદમીને મનોરથો છે. દરેકને સારુ તે દહાડે પ્રીતિભોજનની સગવડ રખાઈ છે. ...પધારો !

‘સ્મરણો દરિયાપારના’માં આપણા વરિષ્ઠ સાહિત્યકાર જયન્ત મ. પંડ્યાએ નોંધ્યું છે : ‘... હૅરો ભારે રોમહર્ષક નામ છે. હૅરોની શાળામાં જવાહરલાલ નેહરુ, વિન્સ્ટન્ટ ચર્ચિલ અને અનેક નામાંકિત રાજપુરુષો ભણેલા. ભોળાભાઈ પટેલ અને મેં એ શાળા જોઈ, જવાહરલાલ કઈ પાટલી ઉપર બેસતા તે પાટલી અને વર્ગખંડ જોયાં. શાળા ટેકરી પર છે, હૅરો પણ. એટલે એનું નામ ‘હૅરો ઑન ધ હિલ’ છે. શાળાના પરિવેશમાં બાયરનનું સ્મૃતિસ્થાનક છે. એમાં કવિ બાયરનના આ ઉદ્ગારો કોતરેલા છે :

*Spot of my youth whose hoary branches sigh*
*Swept by the breeze that fans the cloudless sky*
*Where now alone I muse, who off have trod*
*With those I loved thy soft and verdant sod.*

મારી જુવાનીનું આ થાનક, જેની શ્વેત ડાળો નિસાસે છે
નિરભ્ર આકાશને વીંઝણો ઢોળતા વાયુની ઝીંક ઝીલીને,
આજે જ્યાં એકલવાયો ચિંતનમગ્ન છું ત્યાં અનેક વાર
હું મારાં પ્રિયજનો સાથે મસૃણ લીલી-લીલી છો ખૂંદતો હતો.

Email : vipoolkalyani.opinion@btinternet.com

Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2015-2017valid upto 31st December-2017 issued by the SSPO's Ahmedabad City Division, Permitted to Post at Ahmedabad PSO on 1st & 16th of every Month.







**તિર્યક્ પીંછીએ**

હિમાંશી શેલત










**Publisher, Editor and Printer :** Prakash N. Shah on Behalf of Nireekshak Foundation. 'Prakash' Bunglow, Nr. Abhinandan Flats, B/h. Navarangpura Post Office, Navarangpura, Ahmedabad-380 009. Phone : 079-26562806 E-mail : prakash.nirikshak@gmail.com
**Printed at** Shardul Printing Press, B/6, Rambha Complex, Income Tax, Ashram Road, Ahmedabad-14. E-mail : shardulpress@gmail.com